**સુવિચાર**

એકધારી લગન, સૂઝ, સમજ અને સૌજન્યભરી કુશળતા કોઈપણ વ્યકિતને સફળ થવામાં મદદરૂપ બને જ.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૬/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ અષાઢ સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૫૯


## બેન્ક કે પોસ્ટ ઓફિસમાંથી નાણાની લેતી-દેતી કરનારની નજર ચુકવીને

# અમરેલી જિલ્લામાં અનેકનાં ખિસ્સા ખંખેરનાર ત્રિપુટીને દબોચી લેવાઈ

**અમરેલી, ધારી, ચલાલા તેમજ અન્ય જિલ્લામાં પણ અનેકને શિકાર બનાવનાર ત્રિપુટી ઝડપાતા હાશકારો**

**મુકેશભાઈ ગુમર, રામપતી ગુગર અને કપીલ પવાર નામનાં આરોપીની અટકાયત**

**ગણતરીની સેકંડોમાં જ નાણા ભરેલ થેલીને ઉપાડી લેતા આરોપી પાસેથી રૂપિયા ૧.૧૫ લાખ કબ્જે લેવાયા**

**પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની સુંદર કામગીરી**

અમરેલી, તા. ૧૯

બેન્ક/પોસ્ટ ઓફીસમાંથી પૈસાની લેતી દેતી કરતા ગ્રાહકો તેમજ મુસાફરો, રાહદારીઓની નજર ચુકવી, રોકડ રકમની ચોરી કરનાર પારદી ગેંગના ત્રણ સભ્યોને રોકડા રૂા. ૧,૧૫,૦૦૦/- સાથે પકડી પાડી, અમરેલી જિલ્લા સહિત કુલ ૧૬ ચોરીઓના ગુનાઓનો ભેદ અમરેલી એલ.સી.બી. ટીમે ઉકેલી નાખેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ગત તા. ૬/૬ ના રોજ પ્રકાશભાઈ ત્રીકમદાસ કાનાબારના પિતા ટિકમદાસ પોસ્ટ ઓફીસમાં એફ.ડી.ના નાણા પાકતા હોય, જે નાણા ઉપાડવા



માટે અમરેલી પોસ્ટ ઓફીસ ખાતે ગયેલ હોય, અને નાણા ઉપાડી પોતાની દુકાને આવતા હોય તે દરમિયાન આ ટિકમદાસના પેન્ટના ખીસામાં એફ.ડી.ના ઉપાડેલ નાણા પૈકીના રૂા. ૫૦,૦૦૦/- ભીડ ભાડનો લાભ લઈ કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી લઈ ગયેલ હોય. જે અંગે અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપતા અમરેલી સીટી પોલીસ સ્ટેશનએ ગુન્હો નોંધાયેલ હતો.


અનુસંધાન પાના ૬ ઉપર



## ગુજરાત પોલીસદળમાં આગવી પ્રતિભા ધરાવતા વ્યકિત

# નિષ્ઠાવાન નિવૃત્ત પોલીસ અધિકારી આર.ડી. ઝાલાનાં નિધનથી શોકનો માહોલ

**રાજકોટ ખાતે તેમના નિવાસ સ્થાને અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા સહિત રાજયનાં જુદા-જુદા જિલ્લામાં પોલીસ અધિકારી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવીને ઘણા વર્ષોથી નિવૃત્ત જીવન પસાર કરનાર આર.ડી. ઝાલાએ આજે રાજકોટ ખાતે અંતિમ શ્વાસ લેતા સમગ્ર પોલીસદળ અને ખાસ કરીને અમરેલી જિલ્લામાં શોકનો માહોલ છવાયો છે.



પોલીસદળમાં છેલ્લા ૫૦ વર્ષ કરતાં પણ વધુ વર્ષોથી જેનું આદરપૂર્વક નામ લેવામાં આવે છે. અનેક આઈપીસએસ અધિકારીઓ જેને આદર્શ માને છે તેવા બાહોશ અને નિષ્ઠાવાન અધિકારીએ સૌ વચ્ચેથી વિદાય લેતા સૌ કોઈ ગમગીન બન્યું છે.

તેઓએ ધારીનાં ગઢીયા ગામે પણ નિવૃત્તિનાં અનેક વર્ષો પસાર કર્યા હોય તેઓ અમરેલી જિલ્લા માટે વિશેષ ગૌરવરૂપ બન્યા છે.

## સરપંચે નબળી કામગીરી બાબતે ફરિયાદી કરેલ

# વડિયામાં ભારે વિવાદિત બનેલ માર્ગનું નિરીક્ષણ કરતાં કૌશિક વેકરિયા

**નિયમ પ્રમાણે કાર્યવાહી કરવાની ખાત્રી અપાઈ**



વડીયા, તા. ૧૯

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ગ્રામ પંચાયત પાસે સુરવો નદી પાસે પુલથી ઢૂંઢિયા પીપળીયા નાકાના બિલેર મંદિર સુધીનો રોડ બનાવવામાં આવ્યો હતો. આ રોડની નબળી કામગીરી બાબતે સરપંચ મનીષ ઢોલરીયાએ અવાજ ઉઠાવ્યો હતો અને નબળી કામગીરી હોવાનું જણાવ્યું હતું. આ બાબતે કામ કરતી એજન્સી સામે પગલા લેવા પણ રજુઆત કરવામાં આવી હતી. વડિયાની મુલાકાતે આવેલા ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાને રજુઆત કરતા તેણે સ્થળ પર જઈ નબળા બનેલા રસ્તાની રૂબરૂ મુલાકાત લીધી હતી અને કામગીરીનું નિરીક્ષણ કરી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું.

## પીજીવીસીએલની બેદરકારી સામે નારાજગી

# ધારી પંથકમાં ખેતીવાડીમાં વીજળી અનિયમિત થવાથી ખેડૂતો ત્રાહીમામ

**રહેણાંક મકાનોમાં પણ અનિયમિત વીજળીની ફરિયાદ**

અમરેલી, તા. ૧૯

એક સમયે ગુજરાત વિદ્યુત બોર્ડ એટલે કે જીઈબી તીરકે ઓળખાતા સરકારી વિભાગની કાર્યશૈલી આધુનિક બને, ગ્રાહકોને નિયમિત વીજળી મળે તે માટે તે માટે તેનું નામ બદલાવીને કોર્પોરેટ કક્ષાનું પીજીવીસીએલ બનાવાયુ પરંતુ, સેવાઓમાં કોઈ સુધારો થયો ન હોય તેવું લાગી રહયું છે.

ધારી પંથકમાં છેલ્લા થોડા દિવસોથી રહેણાંક મકાનો, દુકાનો ઉપરાંત, ખેતીવાડીમાં પણ અપુરતી અને અનિયમિત વીજળી અપાતી હોય ગ્રાહકો ફોન કરે તો ફોન પણ રિસીવ થતો નથી, તો અમુક કિસ્સામાં વીજકર્મી ઉધ્ધતાઈપૂર્વકનું વર્તન કરતા હોવાની ફરિયાદ ઉભી થતી હોય કાર્યપાલક કે અધિક્ષક ઈજનેર વીજગ્રાહકોની સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ ધારી પંથકમાંથી ઉભી થઈ રહી છે.

## ટ્રકચાલક તરીકે કામ કરતા જયંતિભાઈ કાનજીભાઇ નામના ઇસમનું કારસ્તાન

# અમરેલીનાં કુંકાવાવ માર્ગ પર ર જીવતા વ્યકિતને સળગાવી દેવાનો પ્રયાસ કર્યાની ઘટનાથી ચકચાર

**ભોગ બનનાર બન્નેને ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયા**



અમરેલી, તા.૧૯

અમરેલીના કુંકાવાવ માર્ગ વિસ્તારમાં એક ટ્રકચાલકે બે વ્યકિતઓ સાથે માથાકુટ કરીને મોડી રાત્રિના બન્ને શખ્સો ઉપર ઉંઘમાં હોય તે સમયે રૂમનો દરવાજો બંધ કરીને જવલ્લનશીલ પદાર્થ વચ્ચે રૂમને સળગાવવાનો પ્રયાસ કરીને બે શખ્સોને મોતને ઘાટ ઉતારવાના પ્રયાસની ઘટનાથી ભારે ચકચાર મચી છે.

વિગત એવા પ્રકારની છે કે અમરેલીના કુંકાવાવ માર્ગ પર આવેલ એક કંપનીમાં ટ્રકચાલક તરીકે કામ કરતા લાલવદરનાં જયંતિભાઈ કાનજીભાઈને સુલતાન મહમદ શેખ અને નિલેશભાઈ ગોહિલ સાથે કોઈ બાબતે રકઝક ચાલતી હોય દિવસ દરમિયાન નાની-મોટી મારામારી, ગાળો આપવી જેવી ઘટના બાદ ઉપરોકત જયંતિભાઈએ મોડીરાત્રિએ ઉપરોકત બન્ને શખ્સો ભરઉંઘમાં જયાં સૂતા હતા, તે રૂમને બંધ કરીને જવલ્લનશીલ પદાર્થ વડે સળગાવીને બન્ને શખ્સોને મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કરતા સુલતાન શેખ અને નિલેશ ગોહિલને ગંભીર અવસ્થામાં શાંતાબા જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે.

આ બનાવ અંગે પોલીસે આરોપી જયંતિભાઈ વિરૂધ્ધ આઈપીસી ૩૦૭ સહિતની અલગ-અલગ ધારાઓ મુજબ ગુન્હો નોંધી આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે. આ બનાવથી ભારે ચકચાર મચી છે.







# અમદાવાદ ખાતે પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલની પદયાત્રામાં જિ.કો. પ્રમુખ ડી.કે. રૈયાણીની ઉપસ્થિતિ



અમરેલી, તા. ૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલની AICC દ્વારા નિમણુંક થતાં સાબરમતી આશ્રમથી કોંગ્રેસ કાર્યાલય સુધીની પદયાત્રામાં પૂર્વ નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી તથા અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ ડી.કે. રૈયાણી જોડાયા.

તા. ૧૮/૬/૨૦૨૩ને રવિવારનાં રોજ AICC દ્વારા નવનિયુકઅત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રમુખ શકિતસિંહ ગોહિલ દ્વારા સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતે પૂ. ગાંધી બાપુનાં ભજન કિર્તન કરી પૂ.બાપુની પ્રતિમાને વંદન કરી પદયાત્રા દ્વારા પોતાનાં પદગ્રહણ કરવા પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાંથી ગુજરાતભરમાંથી અનેક કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા, આ તકે પૂર્વ નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી તેમજ જિલ્લા મહામંત્રી જનકભાઈ પંડયા તેમજ જગદીશભાઈ તળાવીયાએ વિશેષ ઉપસ્થિત રહી શકિતસિંહને શુભકામના પાઠવી હતી.

# ખાંભા ખાતે ના.પો.અ. દ્વારા લોક દરબારનું આયોજન થયું



ખાંભા, તા. ૧૯

અષાઢી બીજ અને પૂ.વેલનાથબાપુની જન્મ જયંતી સંદર્ભ કાયદો અને વ્યવસ્થા જળવાય જે સંદર્ભ ડીવાયએસપી વોરાના અધ્યક્ષસ્થાને હિંદુ મુસ્લિમ અગ્રણીઓની ઉપસ્થિતિમાં શાંતી સમિતિની બેઠક ખાંભાના અગ્રણી બાબભાઈ ખુમાણ, મુસ્લિમ અગ્રણી ભીખુભાઈ સૈયદ, જી.પં.સ. અરવિંદભાઈ ચાવડા, વેપારી અગ્રણી ચેતન પોપટ, ચેમ. પ્ર. મહેન્દ્રભાઈ હરિયાની, ગ્રા.પં. સભ્યો કો.પ્ર. ભારત સખવાળા તથા પત્રકારોની ઉપસ્થિતિમાં શાંતી સમિતિની બેઠક યોજવામાં આવેલ. શાંતિ સમિતિની બેઠકનું ખાંભા પીએસઆઈ એમ.ડી.ગોહિલ તથા સ્ટાફ દ્વારા સુંદર મજાનું આયોજન કરવામાં આવેલ.

## લીલીયા નજીક આવેલ

# કુતાણા–ભોરીંગડા માર્ગ ઉપર રત્ન કલાકારનાં હાથ–પગ ભાંગી નાખતા ૨ ઈસમો

**રત્ન કલાકારે આરોપીનાં પત્ની સાથે ફોનમાં કરી હતી વાત**

અમરેલી, તા. ૧૯

લીલીયા તાલુકાનાં કુતાણા ગામે રહેતા અને હીરા ઘસવાનું કામ કરતાં રાકેશગીરી ગજરાજગીરી ગોસાઈ નામનાં ૩૭ વર્ષિય રત્ન કલાકારે અગાઉ તે જ ગામે રહેતા હરેશભાઈ અમરૂભાઈ બેરાનાં પત્ની સાથે ફોનમાં વાત કરેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી હરેશભાઈ સહિત ૨ ઈસમોએ રત્ન કલાકાર યુવકને લાકડી વડે આડેધડ માર મારી હાથમાં તથા પગમાં ફેકચર કરી દીધાની ફરિયાદ લીલીયા પોલીસમાં નોંધાઈ છે.

## અમરેલી નજીક આવેલ

# ગાવડકા ગામે બાઈકનું ટાયર અડી જતાં યુવક ઉપર જીવલેણ હુમલો

**કુહાડી, પાઈપ જેવા હથિયારો વડે ગંભીર ઈજાઓ કરી**

અમરેલી, તા. ૧૯

અમરેલી તાલુકાનાં દેવરાજીયા ગામે રહેતા મનિષભાઈ માણસુરભાઈ દાફડા નામનાં ૩૧ વર્ષિય યુવકનાં બાઈકનું ટાયર વાંકીયા ગામે રહેતા મહાવીરભાઈ દીલુભાઈ વાળાને અડી જતાં યુવકને ગાળો આપી આરોપીએ પાઈપ, કુહાડી વડે યુવકને આડેધડ માર મારી ગંભીર ઈજાઓ કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરાયાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## અષાઢી બીજનાં તહેવારને અનુલક્ષીને

# બાબરા પોલીસ સ્ટેશનમાં પી.આઈ. આર.ડી. ચૌધરીનાં અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

**યોગ દિનની ઉજવણી અંતર્ગત બાઈક રેલી યોજાઈ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

આગામી અષાઢી બીજના તહેવારોને લઈ બાબરામાં પોલીસ સ્ટેશનમાં પી.આઈ. આર. ડી. ચૌધરીના અધ્યક્ષ સ્થાને શાંતિ સુલેહની એક બેઠક મળી હતી. જેમાં હિન્દુ–મુસ્લીમ સમાજના અગ્રણીઓ તેમજ સ્થાનિક, રાજકીય અને સામજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આવનાર તમામ તહેવારો કોમી એકતા અને ભાઈચારાની લાગણીઓ સાથે ઉજવણી કરવામાં આવે તેવી અપીલ પી.આઈ. દ્વારા કરવામાં આવી હતી.


તેમજ આગામી તા ૨૧ જુનાના રોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે સામાન્ય નાગરીકોમાં યોગની જાગૃતતા લાવવાના હેતુસર બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યોગ દિવસના બેનર હેઠળ બાઈક રેલીનું આયોજન બાબરા પોલીસ દ્વારા કરવા આવ્યું હતું. જેમા એક અધિકારી તેમજ ૨૦ પોલીસ કર્મચારી તેમજ ૪૦ હોમગાર્ડના જવાનો તેમજ ૦૭ ટી.આર.બી.ના જવાનો આમ કુલ ૭૧ પોલીસ વિ. કર્મચારી હેલ્મેટ પહેરી તેમજ ટ્રાફીકના નિયમોનુ પાલન કરી બાઈક રેલીમાં જોડાયેલ તેમજ રેલીનો રૂટ બાબરા સીટી ખાતેના વિસ્તારમાં જેમા બાબરા પોલીસ સ્ટેશન ખાતેથી શરૂ કરી મોટા બસસ્ટેશન ખાતે તેમજ જીવનપરા વિસ્તારમાંથી ચમારડીના ઝાપે તેમજ ત્યાંથી સરદાર સર્કલ તેમજ ત્યાંથી નાનુ બસસ્ટેશન ખાતે તેમજ ત્યાંથી શાહ પેટ્રોલપંપ ચોકડી, ત્યાંથી બાબરા પોલીસ સ્ટેશન ખાતે બાઈક રેલી પૂર્ણ કરવામાં આવેલ. આમ, બાબરા પોલીસ સ્ટેશન દ્વારા ૨૧ મી જુન નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અનુલક્ષી સામાન્ય નાગરિકોમાં જાગૃતતા લાવવા માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ.

# ઉચૈયા શાળામાં મધ્યાહન ભોજન સંચાલકની નિમણુંક કરાશે

અમરેલી, તા. ૧૯

રાજુલા તાલુકાની મજાદર પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન કેન્દ્ર નં.૦૫ સંચાલક અને રસોઈયાની જગ્યા પર લાયકાત ધરાવનાર અરજી કરી શકે છે. ઉંમર મર્યાદા ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૫૫ વર્ષ છે. ઈચ્છુક લાયક ઉમેદવારે તા. ૩૦ જુન ૨૦૨૩ બપોરના ૨ વાગ્યા સુધીમાં અરજીપત્રક મામલતદાર, રાજુલાની ટપાલ શાખાને પહોંચાડવાનું રહેશે. સ્થાનિક રહેવાસી અને મહિલા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે. સરકારના નિયમોનુસાર માનદ વેતન મળવાપાત્ર છે. તેમ મામલતદાર, રાજુલાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# કોલડા ખાતે કોલવાબાપાનાં મંદિરે અષાઢીબીજની ઉજવણી થશે





અમરેલી, તા. ૧૯

કોલડા ગામે આવેલ સુપ્રસિદ્ધ કોલવાબાપાનાં મંદિરે પ્રાચીન પરંપરા અનુસાર અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પાવન પ્રસંગે વિવિધ ધાર્મિક પ્રસંગો યોજાશે અને સાંજે ૬:૦૦ કલાકે સમસ્ત કોલડા ગામ ધુમાડાબંધ મહાપ્રસાદનું આયોજન કરેલ છે અને સવારે ૭:૦૦ કલાકે ભવ્ય શોભાયાત્રા પૂર્ણ થયે પવિત્ર મંદિરે ધજારોહણ કરવામાં આવશે અને સાંજે મહાઆરતી કરવામાં આવશે અને રાત્રે ૯:૩૦ કલાકે સુપ્રસિદ્ધ સાહિત્યકાર મનસુખભાઈ વસોયા, યોગિતા પટેલ અને દિલીપભાઈ આહિર અને સાજીંદાવૃંદ દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. તો સર્વે ધર્મપ્રેમી ભકતજનોને પધારવા ભાવભર્યુ નિમંત્રણ છે.

## વિષુવવૃત્ત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે

# આવતીકાલ ૨૧ જૂન એ વર્ષનો લાંબામાં લાંબો દિવસ : વિજ્ઞાન જાથા

**મંગળવારથી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળશે**

અમદાવાદ, તા. ૧૯

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની તા. ૨૧મી એ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો. બુધવાર તા. ૨૧મી જુન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટનાનો લાભ લેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તેના કારણે તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો એટલે કે રાજકોટમાં દિવસ ૧૩ કલાક ૨૮ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૨ મિનિટ, અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૦ મિનિટ, સુરતમાં દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૩૮ મિનિટ, થરાદમાં દિવસ ૧૩ કલાક ૩૧ મિનિટ, રાત્રિ ૧૧ કલાક ૨૯ મિનિટ, મુંબઈમાં દિવસ ૧૩ કલાક ૧૩ મિનિટ, રાત્રિ ૧૦ કલાક ૪૭ મિનિટ સમયગાળામાં રહેશે. તા. ૨૨ મી જુનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતે પ્રમાણે ક્રમશઃ ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય–સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડ–મિનિટના તફાવતથી ફેરફાર દિવસ–રાત્રિ જોવા મળશે.

વધુમાં જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ૨૧મી જુન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાન કહેવામાં આવે છે. દિવસ–રાતની લંબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે. પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખુણે નમેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે. તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસ રાત્રિ ટૂંકી ત્યાર બાદ સેકન્ડના તફાવતે દિવસ ટૂંકો અને રાત્રિ લાંબીનો લોકો અનુભવ કરશે. આ ખગોળીય ઘટના વિશે વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# ખાંભાનાં નેસડી–૨ ગામનાં ઈસમની ચોટીલા પંથકમાં ચોરીનાં ગુન્હામાં અટકાયત

**વધુ તપાસ અર્થે ચોટીલા પોલીસને હવાલે કરાયા**




અમરેલી, તા. ૧૯

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલસીબી ટીમે ચોટીલા પોલીસ સ્ટેશ એ પાર્ટ ગુ.ર.નં. ગુ.ર.નં. ૧૧૨૧૧૦૦૯૨૨૦૪૩૪/૨૦૨૨, આઈપીસી કલમ ૩૮૦, ૪૫૭, ૪૫૪, ૧૧૪ મુજબના ગુનાના આરોપી દિલીપભાઈ ગજેરા રે. નેસડી–૨, તા. ખાંભા ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય. તેમજ મજકુર આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકીકત આધારે ગઈકાલ તા. ૧૮/૬/૨૩નાં રોજ રાજુલા બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડી આગળની કાર્યવાહી થવા રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.બી. ગોહિલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.ડી. સરવૈયા તથા એએસઆઈ બહાદુરભાઈ વાળા તથા પોલીસ કોન્સ્ટેબલ બાબરીયા, યુવરાજસિંહ વાળા, વિનુભાઈ પાંચાણી દ્વારા કરવામાં આવેલ છે.

# ગુજકોમાસોલની પ્રગતિમાં સહયોગી તમામનો આભાર માનતા દિલીપ સંઘાણી



અમરેલી, તા. ૧૯

કોઈપણ સંસ્થાનાં વિકાસની સફળતાનું ચાલકબળ ડિરેકટર્સ બોર્ડનો સહયોગ અને કર્મચારીનું કાર્યબળ હોય છે. ગાંધીનગર ખાતે યોજાયેલ ગુજકોમાસોલની બોર્ડ મીટીંગમાં સંસ્થાનાં ઐતિહાસિક નિર્ણયો અને નફાકારી પ્રગતિ બદલ બોર્ડ સદસ્યોનાં સહકાર બદલ આભાર માનતા ચેરમેન દિલીપઅ સંઘાણીએ જણાવેલ. બોર્ડ મીટીંગમાં કર્મચારી વેતન ૭,૮૦૦/– માંથી વધારીને ૨૦,૦૦૦/–નું તેમજ પરિવહન ભથ્થું ૩૦૦૦/– સુધીનું કરવામાં આવેલ. સંસ્થાની પ્રગતિનાં નિમિત સૌ પ્રતિ સંઘાણીએ બોર્ડ સમાપન સમયે આભાર વ્યકત કરેલ તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

# અમરેલી લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ સોમૈયા (ગોળવાળા)ના જન્મ દિવસની અનોખી ઉજવણી



એકદમ સરળ સ્વભાવ અને મિલનસાર વ્યકિતત્વ એવા રોટરી કલબ અમરેલીના પ્રમુખ તેમજ લોહાણા સમાજ અમરેલીના પ્રમુખ જીતુભાઈ સોમૈયા (ગોળવાળા)ના જન્મ દિવસની ઉજવણી પોતાના વતન સાવરકુંડલા ખાતે નિશુઃલ્ક ચાલતી હોસ્પિટલ 'શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર' હોસ્પિટલ ખાતે હોસ્પિટલના દરેક દર્દીઓને ફૂટનું વિતરણ કરવામાં આવ્યું તેમજ સાવરકુંડલા ખાતે વૃદ્ધો માટે બનાવેલ 'ગિરધર ઘર' વૃદ્ધાશ્રમના દરેક વૃદ્ધોને પણ ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું. આ સમયે હાજર રહેલ રોટરી કલબ ઓફ અમરેલીના મેમ્બર્સ સેક્રેટરી જગદીશભાઈ સેલાણી, એ.ડી. રૂપારેલ, ડો. પી.પી. પંચાલ, સતિષભાઈ આડતિયા, વિનુભાઈ રતનધાયરા, ચંદ્રેશભાઈ ધોળકિયા, સંજયભાઈ ચોકસી, કિરણભાઈ નાંઢા, અષ્ટકાંતભાઈ સૂચક, નુતન કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી જયંતીભાઈ વાટલીયા તેમજ શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના સેક્રેટરી તથા ટ્રસ્ટી પ્રોફેસર દિવ્યકાંતભાઈ સૂચક તેમજ હોસ્પિટલનું એડમિનિસ્ટ્રેશન કરતાં ડો. પ્રકાશભાઈ કટારીયાએ આખી હોસ્પિટલમાં કઈ રીતે એક પણ રૂપિયો લીધા વગર દરેક દર્દીઓની સારવાર થાય છે, દવા પણ હોસ્પિટલમાંથી જ ફ્રી આપવામાં આવે છે તેમની જાણકારી આપી તેમજ હોસ્પિટલનું મેનેજમેન્ટ, સ્વચ્છતા તેમજ જયાં બધા ડોકટરનું, દર્દીઓનું અને તેમના સગા વ્હાલાને એક સરખું નિશુઃલ્ક ભોજન આપવાની વ્યવસ્થા જોઈને જીતુભાઈ સાથે આવેલ મિત્રવર્તુળ ભારે પ્રભાવિત થયું હતું. આવી જ રીતે સમાજના શ્રેષ્ઠીઓ પોતાનો જન્મદિવસ આવી સેવાકીય અને માનવતાના સિધ્ધાંતો પર કાર્ય કરતી સંસ્થાઓ વચ્ચે જઈને ઉજવે તો સેવાકીય ક્ષેત્રે પણ એક નવો ચીલો પ્રસ્થાપિત થાય તે નિર્વિવાદ છે.

## જયાં દેશ-વિદેશથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે તેવા

# ધારીનાં સફારી પાર્ક જવાનો માર્ગ એટલે તોબા...તોબા

**અમરેલી-ધારી માર્ગથી સફારી પાર્ક જવાનાં અંદાજિત ૩ થી ૪ કિ.મી.નો માર્ગ પસાર કરવામાં ધોળે દિ'એ તારા દેખાઈ જાય છે**

**ખોડિયાર મંદિર અને જળાશય હોવા છતાં પણ માર્ગને પહોળો કરીને નવો બનાવવામાં આવતો નથી**

**જિલ્લાનાં આર્થિક વિકાસમાં પણ સફારી પાર્ક મહત્વનો પુરવાર થવા જઈ રહ્યો હોય માર્ગની કાયાપલટ કરવી જોઈએ**

**સફારી પાર્ક શરૂ થયા પહેલા જ માર્ગ બનાવવાનો હોય પરંતુ ૩ વર્ષ બાદ માર્ગ બનતો ન હોય શરમજનક બાબત**



અમરેલી, તા. ૧૯

એક તરફ અમરેલી ઝિલ્લાનાં સત્તાધારી પક્ષનાં આગેવાનો "૯ સાલ બેમિસાલ"નો દવો કરીને ડોર ટુ ડોર સરકારનાં ગુણગાન ગાતા નજરે ચડે છે. તેવા સમયે ધારીનાં સફારી પાર્ક જવાનાં માર્ગની હાલત અતિ દયનીય જોવા મળતાં વિકાસનાં દાવાઓ અને વિકાસ વચ્ચે કેટલું અંતર છે તે સમજી શકાય છે.

અમરેલી જિલ્લામાં વર્ષો જુની માંગ આજથી ત્રણેક વર્ષ પહેલા પુર્ણ થઈ અને ધારીનાં ખોડિયાર જળાશય આંબરડી સફારી પાર્કની તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉદઘાટન કર્યુ અને હજુ પણ સફારી પાર્કનાં વિકાસ માટેનાં કાર્યો આગળ વધી રહ્યાં છે.

પંરતુ આશ્ચર્યજનક બાબત એ છે કે અમરેલી-ધારી હાઈવેથી આંબરડી સફારી પાર્ક જવાનો ૩ થી ૪ કિ.મી.નો માર્ગ સફારી પાર્ક બન્યાને ૩-૪ વર્ષ બાદ પણ ભયજનક હાલતમાં જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે જયાં વિકાસકાર્યો શરૂ થતાં હોય ત્યાં જવાનો માર્ગ સૌપ્રથમ સરસ મજાનો બનવો જોઈએ.

સૌરાષ્ટ્રનાં સૌથી ઊંચાઈ ધરાવતો જળાશય, સુપ્રસિધ્ધ ખોડિયાર મંદિરની એકદમ નજીક શરૂ થયેલ આંબરડી સફારી પાર્ક ક્ષેત્રફળની દ્રષ્ટિએ સમગ્ર દેશનો નંબર વન પાર્ક છે. દર વર્ષે મોટી સંખ્યામાં દેશ-વિદેશનાં પર્યટકો સિંહદર્શન માટે પધારી રહ્યા છે. પ્રવાસનક્ષેત્રે અમરેલી જિલ્લાનાં એકમાત્ર સ્થળ દેશ-વિદેશમાં નામનાં મેળવી રહ્યું છે. તેવા સમયે સફારી પાર્ક જવા માટે એક જ માર્ગ છે અને તે પણ અતિ બિસ્માર હોય પ્રવાસન હોય કે વન વિભાગ જે કોઈ વિભાગની જવાબદારી હોય તેઓએ આગામી દિવાળીનાં તહેવારો પહેલા ૩ થી ૪ કિ.મી.નાં માર્ગને ફોરલેન બનાવવો જોઈએ તેવી માંગ સૌ કોઈ કરી રહ્યું છે.

## સાંસદ કાછડીયાની રજૂઆત સફળ

# ખાંભા પંથકનાં ૧૫ પરિવારોને જયોતિગ્રામ યોજના તળે વીજ કનેકશન મંજૂર

### વર્ષો જૂની માંગ સંતોષાતા ખુશીનો માહોલ

અમરેલી, તા. ૧૯

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાના પ્રયાસોના ફળ સ્વરૂપે ખાંભા તાલુકાના રાણીંગપરા ગામે જીવાવાળા. ઢોરા વિસ્તારમાં વસવાટ કરતા ૧૫ પરીવારોને જયોતિગ્રામ યોજનાના વિજ કનેકશનો મંજુર થયેલ છે. ખાંભા તાલુકાના પદાધિકારીઓ, સરપંચ અને આ વિસ્તારમાં વસવાટ કરતા પરીવારો દ્વારા જયોતિગ્રામ અંતર્ગત ઘર વપરાશના કનેકશનો મળી રહે તે માટે વર્ષોથી રજુઆત કરવામાં આવી રહી હતી. જે અંતર્ગત સાંસદ સમક્ષ રજુઆત થતાં તાત્કાલીક પ્રશ્ન જીલ્લા સંકલન અને ફરીયાદ નિવારણ સમિતિમાં ઉઠાવી રાણીંગપરા પંચાયત પાસેથી પેટા પરાનો દાખલો મેળવી, ટી.ડી.ઓ.ના અભિપ્રાય સાથે પી.જી.વી.સી. એલ.સમક્ષ દરખાસ્ત કરાવેલ હતી.

સાંસદ આ દરખાસ્તના અનુસંધાને અમરેલી સર્કલથી લઈ ક્ષેત્રિય કચેરી, ભાવનગર થઈ વડી કચેરી રાજકોટમાંથી તમામ પ્રકારની પ્રક્રિયાઓ પૂર્ણ કરાવી રાણીંગપરા ગામે વસવાટ કરતા આ વિસ્તારના પરીવારો માટે જયોતિગ્રામ અંતર્ગત ઘર વપરાશના વીજ કનેકશનો મંજુર કરાવેલ છે. ટૂંક સમયમાં વર્તુળ કચેરી બાકી રહેતી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે રાણીંગપરા ગામે જીવાવાળા. ઢોરા વિસ્તારના આ તમામ પરીવારોને વીજ જોડાણ પ્રાપ્ત થઈ જશે.

## સાવરકુંડલા : ભુવા ગામનાં ભૂલકાઓને સ્કૂલ બેગનું વિતરણ




સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામે ભુવા આંગણવાડી કેન્દ્રનાં ભૂલકાઓને હાલ સુરત નિવાસ કરતાં રવિ રમેશભાઈ ઝાલાવાડીયા તરફથી સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવેલ.

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામમાં ભુવા આંગણવાડી કેન્દ્ર ખાતે ભુવા ગામના વતની પરંતુ હાલ સુરત શહેરમાં નિવાસ કરતાં રવિ રમેશભાઈ ઝાલાવાડીયા તરફથી શંભુભાઈ કુરજીભાઈ ઝાલાવાડીયાના હસ્તે તમામ બાળકોને સ્કુલબેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ વતનનો સાદ સાંભળીને પણ વતનની યાદોને હૈયે વળગાડીને વતનની સેવા માટે સામાજિક દાયિત્વની હરદમ પ્રતિબધ્ધતા દર્શાવતાં જોવા મળેલ.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઇ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫
પ્રવેશની ઉત્તમ તક...
ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થવાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત
નૂતન કોમર્સ કોલેજ-અમરેલી
DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...
DMLT
B.Com
M.Com
પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો
DMLT, B.Com, M.Com
જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ■ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪












### સુરક્ષાને લઇને યોજાઇ ઉચ્ચ સ્તરીય બેઠક

# આજે ભગવાન જગન્નાથજીની ૧૪૬મી ભવ્ય રથયાત્રા નીકળશે

## અમદાવાદ શહેરમાં રથયાત્રાના રુટ સહિતના વિસ્તારોમાં ડ્રોન, થ્રિડી મેપિંગ, CCTV કેમેરા અને એન્ટી ડ્રોન ગનની સાથે પોલીસ ખડેપગે રહેશે

અમદાવાદ, તા.૧૯

મંગળવારે યોજાનારી અમદાવાદની ૧૪૬મી રથયાત્રાને લઈને પ્રશાસન સુસજ્જ છે. ભગવાનની રથયાત્રા પહેલા પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં પોલીસનું ગ્રાન્ડ રિહર્સલ કરવામાં આવ્યું હતુ. પોલીસે યાત્રાના ૨૨ કિલોમીટર સુધીના રૂટ પર સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. ભગવાન જગન્નાથજીની યાત્રામાં ભક્તોનું ધ્યાન રાખવા ૨૫ વોચ ટાવર પર પોલીસ તહેનાત રહેશે.

અમદાવાદમાં રથ યાત્રાના રુટ સહિતના વિસ્તારોમાં ડ્રોન, થ્રિડી મેપિંગ, CCTV કેમેરા અને એન્ટી ડ્રોન ગન સાથે પોલીસ ખડેપગે રહેશે અને ૧૫ હજારથી વધુ પોલીસ જવાનો બંદોબસ્તમાં તહેનાત રહેશે. રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને માટે સુરક્ષાની સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

ભક્તો આતુરતાથી ભગવાન જગન્નાથની રથયાત્રાની રાહ જોઈને બેસ્યા હતા, તે ઘડી હવે આવી ચૂકી છે. અષાઢી બીજના દિવસે નાથની રંગેચંગે રથયાત્રા નીકળશે. ભગવાનની રથયાત્રાને આડે હવે ગણતરીના કલાકો જ બાકી છે. ત્યારે ભગવાનના મોસાળ સરસપુરમાં પણ તેમના લાડલા ત્રણેય ભાણેજને આવકારવા માટે મંદિર સંચાલકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પોલીસ વિભાગ પણ રથયાત્રાને લઈને તમામ તૈયારીઓ સાથે સજ્જ છે. સરસપુરમાં ભગવાનના ભક્તોને આવકારવા માટે વિવિધ પોળમાં, ભાવિક ભક્તોને ભોજન આપવા અને પ્રસાદ બનાવવા માટે દર વખતેની જેમ આ વખતે પણ રસોડા ધમધમતા થયા છે.

ભાવિ ભક્તોને પુરતી પ્રસાદી મળી રહે તે માટે રસોડાની શરૂઆત કરી વિવિધ વાનગીઓ બનાવવામાં આવી રહી છે. તેમાં પણ મોસાળના મંદિર પાસે આવેલ લુહાર શેરીમાં સરસપુરનું સૌથી મોટું રસોડું છેલ્લા ૪૬ વર્ષથી કાર્યરત છે. જ્યાં વિવિધ વાનગીઓ બનાવાઈ રહી છે. જે પ્રસાદી સ્વરૂપે રથયાત્રાના દિવસે લોકોને આપવામાં આવશે. એક અંદાજ પ્રમાણે સરસપુર ખાતે દોઢ લાખની આસપાસ હરિભક્તો ઉમટતા હોય છે.



જગન્નાથની રથયાત્રા પૂર્વે જગન્નાથજીની નેત્રોત્સવ વિધિ યોજાઈ. મામાના ઘરેથી નિજ મંદિરમાં પરત ફર્યા બાદ બહેન સુભદ્રા અને ભાઈ બલરામની આંખો પર પાટા બાંધવામાં આવ્યા હતા. નેત્રોત્સવ બાદ ધ્વજારોહણ વિધિ કરવામાં આવી હતી. બીજી તરફ સાધુ સંતો માટે ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું..જયાં પૂર્વ નાયબ મુખ્યપ્રધાને નીતિન પટેલે સાધુ-સંતોને વસ્ત્રદાન અર્પણ કર્યું. રથયાત્રાને લઈ જગન્નાથ મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

### કેમ શ્રી કૃષ્ણ કહેવાય છે જગન્નાથ ?

# કેમ દર વર્ષે ભક્તોને સામે ચાલીને દર્શન આપવા જાય છે ભગવાન ?

## કૃષ્ણના બહેન સુભદ્રાજી પિયર આવે છે : સુભદ્રા તેમના ભાઈઓ સમક્ષ નગરચર્યા કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે

અમદાવાદ, તા.૧૯

અષાઢી બીજનો પર્વ એટલે ભગવાન જગન્નાથનો દિવસ જ્યારે ભાઈ બલરામ બહેન સુભદ્રા સાથે ભગવાન જગન્નાથ સાથે નગરચર્યા પર નીકળે છે, ઓડિશાના પુરીમાં આવેલ જગન્નાથ મંદિર વિશ્વવિખ્યાત છે. હિન્દુ ધર્મના પવિત્ર ચારધામ તીર્થમાંથી એક છે જગન્નાથપુરી. જગન્નાથ પુરીમાં ભગવાન વિષ્ણુના અવતારમાં કૃષ્ણ મંદિર આવેલું છે. પુરીમાં આવેલા જગન્નાથ મંદિરમાં દર વર્ષે લાખો ભક્તો દર્શન માટે આવતા હોય છે. ભારતમાં પુરીમાં સૌથી મોટી રથયાત્રા નીકળે છે. ત્યારબાદ અમદાવાદની રથયાત્રા સૌથી મોટી રથયાત્રા કહેવાય છે. ત્યારે પરંપરાગત રીતે નીકળતી રથયાત્રા પાછળનો છે રોચક ઈતિહાસ.

આ રીતે નીકળે છે પુરીમાં રથયાત્રા : અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે, કોરોના મહામારીમાં રથયાત્રા કાઢવાના અને ઉજવવાના નિયમમાં ધરખમ ફેરફાર કરાયા છે પરંતુ આપણે સામાન્ય રીતે નીકળતી રથયાત્રામાં મહોત્સવ ૧૦ દિવસનો હોય છે, આ પર્વ શુક્લપક્ષની અગિયારસના દિવસે પૂર્ણ થાય છે. આ દસ દિવસના ગાળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડે છે. ત્રણેય રથને ભવ્ય રીતે સજાવવામાં આવે છે. ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને રથોમાં બેસાડીને ગુંડીચા મંદિર લઈ જવામાં આવે છે. મહિનાઓ પહેલાથી ભવ્ય રથયાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવાય છે.

રથયાત્રાની રોચક કહાની : લોક વાયકા પ્રમાણે દ્વારકામાં ભગવાન કૃષ્ણની રાણીઓ બલરામના માતા રોહિણીને કૃષ્ણ ભગવાનની રાસલીલા કહેવા માટે કહે છે, પહેલા તો માતા રોહિણી માનતા નથી પરંતુ રાણીઓની ઘણી વિનંતી બાદ તેઓ માની જાય છે. તે વખતે કૃષ્ણના બહેન સુભદ્રા ત્યા હાજર હતા, ભાઈની રાસલીલા વિશેની વાતચીત બહેન આગળ થાય તેવું રોહિણીને યોગ્ય ન લાગ્યું. તે સમયે રોહિણી સુભદ્રાને બહાર ભગવાન કૃષ્ણ અને બલરામ સાથે નગરચર્યા માટે મોકલી દે છે. ત્રણેય ભાઈ-બહેન જ્યારે નગરચર્યામાં નીકળે છે તે સમયે નારદમુનિ પ્રગટ થાય છે, ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાને એકસાથે જોઈ નારદમુનિ પ્રસન્ન થઈ જાય છે. નારદમુનિ પ્રાર્થના કરે છે કે દર વર્ષે આ રીતે જ ત્રણેયના દર્શન થાય. નારદમુનિની નિર્દોષ પ્રાર્થના ફળી જાય છે અને ત્યારથી ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે.

રથયાત્રા નીકળવાની અન્ય વાયકાઓ : એક વર્ગનું એવું માનવું છે કે કૃષ્ણના બહેન સુભદ્રાજી પિયર આવે છે. સુભદ્રા તેમના ભાઈઓ સમક્ષ નગરચર્યા કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે, બહેનની ઈચ્છાને માન રાખી ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે રથમાં બેસીને નગર ચર્યા કરવા નીકળે છે. ત્યારબાદથી રથયાત્રાના પર્વ મનાવવામાં આવે છે. અન્ય લોકવાયકા એવી છે કે ગુંડીચા મંદિરમાં સ્થિત દેવી ભગવાન કૃષ્ણના માસી છે, જે ત્રણેય ભાઈ-બહેનને પોતાના ઘરે આવવા માટે આમંત્રણ આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ , ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે માસીનાં ઘરે ૧૦ દિવસ રહેવા માટે જાય છે. કેટલાક લોકોનું માનવું છે કે ભગવાન કૃષ્ણ કંસનો વધ કરીને ભાઈ-બહેન સાથે મથુરામાં પ્રજાને દર્શન આપવા માટે નીકળે છે જેથી રથયાત્રા મનાવવામાં આવે છે.

કેમ ભગવાન શ્રીકૃષ્ણ કહેવાયા જગન્નાથ? : કહેવાય છે કે સતયુગમાં ઈન્દ્રાદ્યુમન નામનો ચક્રવર્તી રાજા ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હતો. તે ભગવાન વિષ્ણુનું તપ કરવા માટે નિલાંચલ પર્વત પર જાય છે પરંતુ ભગવાન વિષ્ણુની મૂર્તિ ત્યાંથી સ્વર્ગમાં લઈ જવાઈ હતી.આ વાતથી રાજા ખૂબ નિરાશ થાય છે અને તે સમયે સ્વર્ગમાંથી આકાશવાણી થાય છે કે ભગવાન પથ્થર અથવા કાષ્ઠ સ્વરૂપે ફરીથી પાછા આવશે અને તેમનું નામ જગન્નાથ રહેશે. આ રીતે ભગવાન તેમના ભક્તોને ખુશ કરવા માટે કાષ્ઠની મૂર્તિના સ્વરૂપમાં અવતરિત થાય છે. માન્યતા છે કે, રથ ખેંચવામાં ઉપયોગમાં લેવાતા દોરડા અથવા રથના સ્પર્શમાત્રથી પવિત્ર કર્મોનું ફળ મળે છે. અષાઢી બીજના દિવસે વિષ્ણુ સહસ્ત્રનો પાઠ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

### કોંગ્રેસના નેતાનો ૫૩મો જન્મદિન


# રાહુલને નીડર નેતા અને મોહબ્બત કી દુકાન ગણાવતા કોંગ્રેસના નેતાઓ

## કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી પણ રાહુલને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી

નવી દિલ્હી, તા.૧૯

આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પોતાનો ૫૩મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. આ અવસર પર કોંગ્રેસના પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ તેમને શુભેચ્છા પાઠવી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ રાહુલને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે.

કોંગ્રેસના અન્ય નેતાઓએ પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર પણ રાહુલ ગાંધીના જન્મદિવસ પર શુભેક્ષા સંદેશ ટ્વિટ કર્યા છે, જેમાં રાહુલ ગાંધીને નીડર નેતા અને 'મોહબ્બત કી દુકાન' ગણાવવામાં આવ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ટ્વિટર પર લખ્યું, "રાહુલ ગાંધીજીને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓપ બંધારણીય મૂલ્યો પ્રત્યેની તમારી અતૂટ પ્રતિબદ્ધતા અને પ્રતિકૂળ સંજોગોમાં તમારી હિંમત પ્રશંસનીય છે. કરુણા અને સંવાદિતાનો સંદેશ ફેલાવતા તમે સત્ય બોલતા રહો અને કરોડો ભારતીયોનો અવાજ બનો."



કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી પણ રાહુલને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી છે. જેમાં લખવામાં આવ્યું છે કે, એક એવા નીડર નેતાને કે જેઓ ભારતને અખંડ રાખવા માટે અતૂટ પ્રતિબદ્ધતા ધરાવે છે, જે પ્રેમમાં અતૂટ વિશ્વાસ ધરાવે છે, એવો પ્રેમ કે જે માફ કરવા, વિશ્વાસ કરવા, આશા રાખવા અને તમામ મતભેદોને સ્વીકારવા પણ તૈયાર હોય. અમારી પોતાની 'મોહબ્બત કી દુકાન'ને જન્મદિવસની શુભકામનાઓ.

ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બી.વી. શ્રીનિવાસે ટ્વીટ કર્યું, "સૌથી હિંમતવાન અને નિર્ભય નેતા, પ્રેમની રાજનીતિના સાચા બ્રાન્ડ એમ્બેસેડર, યંગ ઈન્ડિયાના પ્રેરણાદાયીને જન્મદિવસની શુભેચ્છાઓ."

પાર્ટીના નેતાઓ અને કાર્યકરો રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાની ક્લિપ્સ શેર કરી રહ્યા છે અને તેમને લોકોનો નીડર અવાજ ગણાવી રહ્યા છે.

રાહુલ ગાંધીને ૫૩માં જન્મદિવસની શુભેચ્છા પાઠવવા માટે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (એઆઈસીસી)ની ઓફીસ અને ગાંધીના નિવાસસ્થાનની બહાર બહાર પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, કોંગ્રેસે નવી દિલ્હીમાં ૫ કિલોમીટર લાંબી ભારત જોડો યાત્રા કાઢવાની પણ યોજના બનાવી છે.

મુંબઈ કોંગ્રેસે 'મોહબ્બત કી દુકાન' નામથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. કાર્યક્રમ દરમિયાન પાર્ટીના કાર્યકરો દરેક વોર્ડમાં લોકો સાથે વાતચીત કરશે અને તેમની સમસ્યાઓ અંગે ચર્ચા કરશે.

### હાથી રથયાત્રાની શોભામાં વધારો કરે છે

# રથયાત્રા પહેલા થશે વિઘ્નહર્તા ગણેશજીરુપી ગજરાજની પૂજા

## ૧૪ હાથી ભગવાનની પાલખીની આગેવાની કરશે

અમદાવાદ, તા.૧૯

હિંદુ સંસ્કૃતિ મુજબ કોઈપણ કાર્ય પહેલા વિઘ્નહર્તા ગણેશજીની પૂજા કરાય છે. આ જ પરંપરાને આગળ વધારતા અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલા ગણેશજીરૂપી ગજરાજની પૂજા થશે. રથયાત્રા દરમિયાન ૧૪ હાથી ભગવાનની પાલખીની આગેવાની કરશે ત્યારે આ તમામ ગજરાજનું મેડિકલ ચેકઅપ કરાયુ હતુ.

પશુપાલન વિભાગ,વન વિભાગ અને ઝુ ઓથોરિટીના ડોકટરોએ ગજરાજનું મેડિકલ ચેકઅપ કર્યુ હતુ. હાથીઓ માનસીક સંતુલન ગુમાવે નહીં તે માટે તેમની જરૂરી શારિરીક તપાસ કરાઈ હતી. તપાસમાં ફિઝિકલ અને મેન્ટલી બને તપાસ કરવામાં આવે છે. દર વર્ષે રથયાત્રામાં જોડાય છે. સાથે હાથીને ભગવાનનું પ્રિય પ્રાણી પણ માનવામાં આવે છે. જેથી વર્ષોથી આ રથયાત્રામાં હાથી જોડાય છે. અને રથયાત્રામાં એક મહત્વનો ભાગ માનવામાં આવે છે. દર વર્ષે આ રથયાત્રામાં ૧૫-૧૬ હાથી જોડાતા હોય છે જેમાં કેટલાક હાથીને માત્ર રથયાત્રા માટે આસામ અને કેરળથી અમદાવાદ લાવવામાં આવે છે.હાથીનું રથયાત્રા સાથે એક પારંપરિક મહત્વ છે. તે રથયાત્રાની શોભામાં વધારો કરે છે. દર વર્ષે જે હાથી રથયાત્રામાં જોડાય છે તેમાં એક હાથી જોડે ૩-૪લોકો રહે છે. જેમાં એક મહાવત અને ૩ સાથીદારો હોય છે. અમદાવાદમાં ૧૯૯૨માં રમખાણ થયા ત્યારે આજ હાથી ભગવાનને નગરચર્યાએ લઈને નીકળ્યા હતા અને રથયાત્રા સંપન્ન થઈ હતી એટલે તમે ઈતિહાસ જોવો તો આ હાથીનું અનેરું મહત્વ છે. અને મારું માનવું છે કે રથયાત્રા પારંપરિક રીતે હાથી સાથે નીકળે તો જ તે સંપન્ન થઈ કહેવાય. હાલ તમે જોવો આ હાથી કેટલા શાંત છે લોકો તેમની નજીક જતા પણ અચકાતા નથી તો જો પબ્લિક વગર જ રથયાત્રા નીકળવાની હોય તો હાથીને સાથે રાખી શકાય.

### ઉત્તર પ્રદેશમાં ગરમીની સ્થિતિ ખૂબજ બગડી

# ઉત્તર પ્રદેશમાં ભારે ગરમી-લૂથી ૨૦૦થી વધુ લોકોનાં મોત થયા

## ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં ૯ દિવસમાં ૧૨૮ લોકોનાં મોત નિપજ્યા બિહારમાં લૂ લાગવાના કારણે લોકોનું જીવન મુશ્કેલ બની ગયું

લખનૌ, તા.૧૯

ઉત્તર પ્રદેશમાં ગરમીના કારણે અત્યારે સ્થિતિ વણસી ગઈ છે. રિપોર્ટ્સ પ્રમાણે કાળઝાળ ગરમી અને લૂ લાગવાથી ૨૦૦ લોકોના મોત થયા છે. એટલું જ નહીં વિવિધ જિલ્લાઓમાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન મૃત્યુઆંકમાં સતત વધારો થઈ રહ્યો છે. ગરમીના પ્રકોપના કારણે હવે સ્થિતિ વધારે બગડી ન જાય એના માટે પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ભારત દેશમાં અત્યારે વિવિધ રાજ્યોમાં વાતવરણ સતત પલટાઈ રહ્યું છે. રાજસ્થાનમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે તો ઉત્તર પ્રદેશમાં કાળઝાળ ગરમી પડી રહી છે. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે ઉત્તર પ્રદેશ - બિહારમાં લૂ લાગવાના કારણે લોકોનું જીવન મુશ્કેલ બની ગયું છે.

યુપીના બલિયામાં લૂ લાગવાને કારણે ઘણા લોકોના મોત નીપજ્યા છે. વિગતો પ્રમાણે જોઈએ તો અહીં લગભગ ૨૦૦ લોકોના મોત નીપજ્યા છે. બલિયા જિલ્લાની જ વાત કરીએ તો અહીં ૯ દિવસમાં ૧૨૮ લોકોના મોત થયા હતા.

ઉત્તર પ્રદેશમાં કાળઝાળ ગરમી અને લૂ લાગવાને કારણે ઘણા જિલ્લાઓમાં સ્થિતિ કફોડી બની ગઈ છે. અહીં મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. બલિયામાં લૂ લાગવાને કારણે છેલ્લા ૯ દિવસોમાં ૧૨૮ લોકોના મોત થયા હોવાની વિગતો સામે આવી છે. અત્યારે આ આંકડો પ્રતાપગઢમાં ૧૮ સુધી પહોંચી ગયો છે. વળી વારાણસીમાં પણ અત્યારસુધી ૭ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. બલિયામાં જેટલા લોકોના મૃત્યુ થયા છે અત્યારે તેની પાછળનું કારણ શોધવા માટે સ્વાસ્થ્ય વિભાગે તજવીજ શરૂ કરી દીધી છે. સર્ચ ટીમના રિપોર્ટના આધારે કાર્યવાહી થઈ શકે એવી ચર્ચા પણ થઈ રહી છે.

બલિયામાં ભીષણ ગરમી અને લૂ લાગવાથી છેલ્લા ૪ દિવસોની અંદર ૫૪ લોકોના મોત થયા છે. જોકે આરોગ્ય અધિકારીએ રવિવારે દાવો કર્યો છે કે જિલ્લામાં હીટ સ્ટ્રોકના કારણે અત્યારસુધી માત્ર ૨ લોકોના મોત થયા છે. વળી બલિયાના પરિવહન મંત્રીએ કહ્યું કે ગરમીના સમયગાળામાં અહીં મૃત્યુઆંક વધતો આવે છે. અત્યારે ગરમીના કારણે સ્થિતિ વણસે નહીં એના માટે ૨ સભ્યોની ટીમે રવિવારે તપાસ શરૂ કરી દીધી છે. બલિયાના મુખ્ય સ્વાસ્થ્ય અધિકારી ડો.જયંત કુમારે દાવો કર્યો છે કે બલિયા જિલ્લામાં હિટ સ્ટ્રોકના કારણે અત્યારસુધી માત્ર ૨ લોકોના મોત થયા છે. તેમણે દાવો કરતા કહ્યું કે જિલ્લા હોસ્પિટલની તપાસ દરમિયાન સામે આવ્યું કે ૪૦ ટકા લોકોનું તાવ તથા ૬૦ ટકા લોકોને અન્ય કારણોસર મૃત્યુ થયું છે. નોંધનીય છે કે અત્યારસુધી ૨ લોકોના મોત જ હિટસ્ટ્રોકથી થયાનો દાવો તે લોકો કરી રહ્યા છે.

### મુન્દ્રા સહિતના વાડી વિસ્તારોમાં વીજ પોલ ધરાશાયી

# કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ્પ અંદાજિત ૧૦ દિવસ લાઈટ ન આવવાની શક્યતા

કચ્છ, તા.૧૯

બોપોરજોય વાવાઝોડાના કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં નાના મોટું નુકસાન થયું છે. આ વાવાઝોડાએ કચ્છમાં લેન્ડફોલ કર્યું હતું જેના કારણે તેની અસર કચ્છમાં વધુ વર્તાઈ છે. જ્યાં અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા તો પતરા ઉડ્યા હતા તેમજ અનેક વીજપોલ ધરાશાયી થયા છે.

કચ્છમાં બિપરજોય વાવાઝોડાની વિનાશક અસર વર્તાઈ છે. જ્યાં ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો છે તેમજ મુન્દ્રા સહિતના વાડી વિસ્તારોમાં વીજ પોલ ધરાશાયી થયા છે. જેના કારણે વીજ પુરવઠો ખોરવાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. પાપ્ત વિગતો મુજબ હજુ અંદાજિત ૧૦ દિવસ લાઈટ ન આવવાની શક્યતાઓ પણ વર્તાઈ રહી છે.

એક તરફ વાવાઝોડાએ ખેતી પાકમાં મોટા પાયે નુકસાન વર્યું છે તો બીજી તરફ વીજપોલ ધરાશાયી થવાના કારણે વીજ પુરવઠો ખોરવાયો છે જેન લઈ બચી ગયેલા પાકને પાણીની જરૂરિયાત ઉભી થતાં તે ટાઈમ પર આપી શકાય તેમ નથી. કારણ કે, વીજપોલ ખૂબ જ ધરાશાયી થયા હોવાથી વીજકર્મીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યા હોવા છતાં હજું પણ ૧૦ દિવસ સમય લાગે તેવી વિગતો છે.

### ફિલ્મ આદિપુરૂષને લઈને કેન્દ્રીય પ્રધા[redacted]

# દેશમાં કોઈને પણ ધા[redacted] પહોંચાડવાનો અધિ[redacted]

નવી દિલ્હી, તા.૧૯

આદિપુરુષ ફિલ્મને લઈને વિવાદ સતત [redacted]

### IMD દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી

# ટૂંક સમયમાં જ ભારે વરસાદ સાથે ચોમાસાની થશે પધરામણી

## ૨૧ જૂન સુધીમાં પૂર્વ અને ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ચોમાસુ આગળ વધી શકે છે, જેના કારણે વરસાદની શક્યતા

નવી દિલ્હી, તા.૧૯

બિપરજોય વાવાઝોડાનું સંક્ટ હવે ગુજરાત પર નથી, પરંતુ બિપરજોય વાવાઝોડાને કારણે સમગ્ર રાજ્યમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો અને ભારે પવન ફૂંકાયો હતો. ત્યારે હવે IMD દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. જે મુજબ પૂર્વ અને ઉત્તરના ભાગોમાં વરસાદની શક્યતા છે અને જૂનના અંતમાં જૂલાઈમાં નિયમિત વરસાદની આગાહી કરવામાં આવી છે.

અત્યાર સુધી એવી આગાહી કરવામાં આવતી હતી કે, આ વર્ષનું ચોમાસુ સુસ્ત રહેશે. જો કે, હવેની આગાહી મુજબ, ભારતમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી થઈ થશે. આકરાની ગરમીનો સામનો કરી રહેલા પૂર્વ અને ઉત્તર ભારતના ભાગોમાં વરસાદ પડવાની સંભાવના છે. હવામાન શાસ્ત્રીઓના અનુસાર, જૂનના અંત અને જુલાઈની શરૂઆતમાં વરસાદની શરૂઆત થઈ શકે છે અને દેશના વિવિધ ભાગોમાં વરસાદ નિયમિત રીતે પડી શકે છે. પશ્ચિમ, મધ્ય અને પૂર્વના ભાગોમાં સામાન્ય કરતા વધુ વરસાદની શક્યતા છે.

IMDના મહાનિદેશક મૃત્યુજંય મહાપાત્રાના જણાવ્યા અનુસાર, ૨૧ જૂન સુધીમાં પૂર્વ અને ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ચોમાસુ આગળ વધી શકે છે, જેના કારણે વરસાદની શક્યતા દેખાઈ રહી છે.

બિપરજોય વાવાઝોડાને કારણે રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારમાં વરાસદ જોવા મળ્યો હતો. બંગાળની ખાડી પરની હવામાન સિસ્ટમના અભાવને કારણે તેમજ દક્ષિણ પશ્ચિમ ચોમાસા પર ગંભીર વાવાઝોડાની અસરના કારમે ૧૧ મે સુધી ચોમાસુ શાંત રહ્યુ હતુ. જો કે, બિપરજોયને કારણે ઉત્તર પૂર્વ તરફ અને મધ્ય પૂર્વમાં વરસાદની આગાહી કરવામાં આવી હતી. બિપરજોય વાવાઝોડાને કારણે રાજસ્થાનમાં ભારે વરસાદ નોંધાયો હતો. ત્યારે હવે રાજસ્થાન,ઉતરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં ભારે વરસાદ થઈ શકે છે.

આ વર્ષે ૮મી જૂને ચોમાસાની એન્ટ્રી થવાની હતી, જે સામાન્ય કરતા એક અઠવાડિયુ મોડુ આવવાનું હતું. કેટલાક હવામાન શાસ્ત્રીઓના મતે વાવાઝોડાને કારણે ચોમાસુ મોડુ આવ્યુ છે અને હળવા ચોમાસાનું આગમન થયુ છે. અત્યાર સુધી દેશમાં પૂર્વોત્તર, તમિલનાડુ, કેરળ, આંધપ્રદેશના કેટલાક ભાગોમાં વરસાદ થયો છે.

### દૂધાળા પશુને સરકાર સહાય આપશે

# વાવાઝોડાથી ગુજરાતમાં કુલ ૩૨૦૭ પશુઓના મોત

અમદાવાદ, તા.૧૯

બોપોરજોય વાવાઝોડા પછી ગાંધીનગર ખાતે પ્રથમવાર મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, બિપોરજોય વાવાઝોડા સમય કેન્દ્રસરકારના માર્ગદર્શન અને મુખ્યમંત્રીની સુચનાથી રાજ્યમાં ખૂબ સરસ તમામે કામગીરી કરી છે અને આ પરિસ્થિત પહોંચી વળ્યા છીએ.

ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગુજરાત પરથી વાવાઝોડાની ઘાત પસાર થઈ ચૂકી છે અને ૬ તારીખથી વાવાઝોડાની જાણકારી મળ્યાથી તંત્ર અલર્ટ થયુ હતુ તેમજ વાવાઝોડાની માહિતી મળતાની સાથે જ જિલ્લા કક્ષાએ બેઠકો કરી હતી. ઝડપથી લોકોને બચાવવા માટે એક્શન પ્લાન ઘડવામાં આવ્યો હતો અને PMના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે સફળ કામગીરી કરી છે. તેમણે ઉમેર્યું કે, અગાઉ વાવાઝોડાની જાણકારી મળતી ન હતી અને હવે ટેકનોલોજીને કારણે આવનારી આફતની જાણકારી મળી રહે છે. પ્રવક્તા મંત્રીએ જણાવ્યું કે, વાવાઝોડા બાબતે હવામાન ખાતું સચોટ સાબિત થયુ છે. તેમજ જે લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા તેમના પુનઃ વસવાટની કામગીરી કરી છે. પીવાના પાણી માટે પંપિંગ સ્ટેશન સુધી વીજળી પહોચાડી દીધી છે. સરકારી કચેરીઓમાં પણ ફરી વીજળી શરુ કરવામાં આવી છે અને આવતીકાલ સાંજ સુધી ૯૫ ટકા વીજળીની કામગીરી પૂર્ણ થશે તેમજ વાવાઝોડા દરમિયાન કેટલાક પશુઓના મૃત્યુ નોંધાયા છે. અમદાવાદમાં રથયાત્રાના આયોજન પર ઋષિકેશ પટેલે જણાવ્યું કે, શાંતિપૂર્ણ રીતે રથયાત્રા યોજાઈ શકે તેના માટે સરકારે આયોજન કર્યુ છે તેમજ યોગ દિવસ મામલે પણ સરકારે આયોજન કર્યુ છે. ૧૦૮ દેશના પ્રતિનિધીઓ PM સાથે યોગ કરશે.


તેમણે કહ્યું કે, ખેડૂતોને નુકશાન બાબતે પ્રાથમિક સર્વે થયા છે તેમજ પશુ મૃત્યુ મામલે નિયમો મુજબ પશુપાલકોને રકમ મળશે. દૂધાળા પશુ માટે ૩૦ હજાર સહાય સરકાર કરશે. તેમજ બળદ, પાડા, ઉંટ અને ઘોડા સંદર્ભે સર્વે ચાલી રહ્યો છે. તેમણે કહ્યું કે, ખેતીવાડી વિભાગે જૂદી જૂદી ટીમ બનાવીને પ્રાથમિક સર્વે કરી રહી છે. વાવાઝોડાના કારણે કુલ ૩૨૦૭ પશુઓના મૃત્યુ થયા છે. જેમાં ૧૭૧ ગાય અને ૧૬૬ ભેંસોના વાવાઝોડાને કારણે મૃત્યુ થયા છે. ૫૩ હજાર હેક્ટરમાં નુકશાન ૧૪,૮૮૭ ફળના વૃક્ષો નાશ થયા તેમજ ૮૨ હજાર બાગાયતી પાકો માથી ૫૩ હજાર હેક્ટરમા નુકશાન થયું છે. તેમણે કહ્યું કે, બાગાયતી પાકો બાબતે SDRFના નિયમ ઉપરાંત વધારાની સહાય માટે ચર્ચા થશે.

ઋષિકેશ પટેલે કહ્યું કે, વધારાની સહાય માટે CM અને કૃષિમંત્રી રાઘવજી પટેલ ચર્ચા કરશે અને કેશડોલ્સની સંપૂર્ણ કામગીરી ૫ દિવસમાં પૂર્ણ થશે. તેમણે કહ્યું કે, પીજીવીસીએલને વાવાઝોડાના કારણે ૭૮૩ કરોડનું નુકશાન થયું છે. સનાથલ બ્રીજ બાબતે ઋષિકેશ પટેલ કહ્યું કે, સનાથલ બ્રિજ મામલે તપાસ થશે અને સ્ટેબિલીટી અને સ્ટ્રેંગ્થની તપાસ થઈ રહી છે

### અમરેલી આઈટીઆઈમાં રેફ્રિઝરેશન અને એ.સી. મિકેનિક કોર્ષ કર્યો

# ભૈ વાહ : સામાન્ય પરિવારમાંથી આવતા સંજયકુમાર ખાનગી કંપનીમાં વાર્ષિક રૂા. ૯.૫ લાખનું પેકેજ મેળવે છે

### યુવાનોને રોજગારીક્ષેત્રે બળ પૂરૂં પાડવામાં આઈ.ટી.આઈ.નો સિંહફાળો



અમરેલી, તા. ૧૯

આઈ.ટી.આઈ - અમરેલી કૌશલ નિર્માણ અને કૌશલ્ય વિકાસ થકી વિદ્યાર્થીઓના સપનાઓને આકાશી ઉડાન આપી રહ્યું છે. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંજયકુમાર ગોહિલે રેફ્રીઝરેશન એન્ડ એર કન્ડિશનર મિકેનિક કોર્ષ થકી સારી નોકરી પ્રાપ્ત કરવામાં સફળ બન્યા છે. આર્થિક સ્થિતિ સામાન્ય હોય તેવા મપ્રયમવર્ગીય પરિવારમાંથી આવતા સંજયકુમાર આજે ખાનગી કંપનીમાં વાર્ષિક રૂા. ૯.૫ લાખનું પેકેજ મેળવી રહ્યા છે. લાઠીના ધામેલ ગામના સંજયકુમાર ઉકાભાઈ ગોહિલે આઈ.ટી.આઈ. અમરેલીમાં રેફ્રીઝરેશન એન્ડ એર કન્ડિશનર મિકેનિક ટ્રેડમાં વર્ષ ૨૦૦૯માં પ્રવેશ મેળવ્યો હતો. બે વર્ષના અભ્યાસક્રમ દરમિયાન તેમણે થિયરીકલ અને પ્રેક્ટિકલ તાલીમ લીધી હતી. સંસ્થા તરફથી તેમને પોતાના ટ્રેડની વિશેષ તાલીમ માટે ઈન્ડસ્ટ્રીમાં પણ મોકલવામાં આવ્યા હતા. કૌશલ નિર્માણ અને કૌશલ્ય વિકાસ માટે વિદ્યાર્થીના અભ્યાસમાં પ્રેક્ટિકલ માહિતી, માર્ગદર્શન અને વ્યવહારું જ્ઞાનનું મહત્વ વધુ હોય છે. આઈ.ટી.આઈ,અમરેલી એટલે જ પ્રેક્ટિકલ પર વધુ ભાર આપી રહ્યું છે.

સંજયભાઈ ગોહિલે તેમના એકેડેમિક અને પ્રેક્ટિકલ જોબના અનુભવો શેઅર કર્યા હતા. તેમણે જણાવ્યુ કે, આઈ.ટી.આઈ, અમરેલી ખાતે રેફ્રીઝરેશન એન્ડ એર કન્ડિશનર મિકેનિક ટ્રેડમાં મારે બે વર્ષ અભ્યાસ કરવાનો હતો. આ અભ્યાસ દરમિયાન મેં ખંતપૂર્વક મહેનત કરી હતી. આ ઉપરાંત પ્રેક્ટિકલ પર ખાસ ભાર આપીને હું મારા ટ્રેડમાં બધું જ શીખવા પ્રયત્ન કરતો અને ખંતપૂર્વક શીખવા પર ભાર આપતો. વધુમાં તેમણે જણાવ્યુ કે, આ તાલીમ અને અભ્યાસ દરમિયાન જિજ્ઞાસા અને રસપૂર્વક મેં આ અભ્યાસ કર્યો હતો. આથી મને અમદાવાદ ખાતે ખ્યાતનામ કંપની હેપ્પી કુલિંગ સિસ્ટમમાં નોકરી મળી હતી. આ કંપની દરેક પ્રકારના એ.સી., ચિલર અને વી.આર.વી. મશીનનું ઉત્પાદન કરે છે. આ કંપનીમાં મારે ૧૨ થી વધુ વર્ષ થયા છે અને આજે હું પ્રોજેકટ અને સર્વિસ હેડ તરીકે મારી ફરજ બજાવું છું. સંજયકુમારે આઈ.ટી.આઈ અમરેલી અને તેમના ગુરૂજનોનો આભાર વ્યકત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યુ કે, આઈ.ટી.આઈ સંસ્થાઓ રાજય સરકારના તમામ યુવાઓને નોકરીના અભિગમને બળ પુરૂં પાડી રહી છે. આમ, આઈ.ટી.આઈ સંસ્થાઓ દેશના યુવાધનને સ્કિલ બેઝડ ટ્રેનિંગ આપીને તેમને ઉડવા માટે પાંખો આપી રહી છે. આ સંસ્થાઓમાં ખંતપૂર્વક અભ્યાસ પૂર્ણ કરનાર યુવાઓ આજે આકાશી ઉડાન પ્રાપ્ત કરીને પોતાના સપના સાકાર કરી રહ્યા છે.

# અમરેલીના ડો. હર્ષદ રાઠોડનાં ક્લિનિકની મુલાકાતે કૌશિક વેકરિયા



અમરેલી, તા. ૧૯

અમરેલીના જાણીતા ડો. હર્ષદ રાઠોડનાં ક્લિનિકની આજે ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ મુલાકાત લીધી હતી.

નાયબ દંડકે ''૯ સાલ બેમિસાલ'' અંતર્ગત ૯ વર્ષની મોદી સરકારની કામગીરીથી ડો. રાઠોડને માહિતગાર કર્યા હતા.

આ તકે ભાજપ અગ્રણી જયેશ ટાંક, ડો. તુષાર કથીરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### મણિપુરના ૧૧ જિલ્લામાં કર્ફ્યુ લાગુ છે

# મણિપુરમાં હિંસાનું શું છે કારણ ? ભાજપની સામે કેમ છે ગુસ્સો ?

નવી દિલ્હી, તા.૧૯

મણિપુરમાં હિંસાની ઘટનાઓ ઓછી થવાને બદલે સતત વધતી જઈ રહી છે. હિંસા અને આગચંપીની આ ઘટનાઓની વચ્ચે ભાજપના નેતાઓના ઘરો અને ઓફિસો પર હુમલા થઈ રહ્યા છે. મણિપુરમાં કેન્દ્રીય મંત્રી આરકે રંજન સિંહના ઘરને ભીડે આગ ચાંપી દીધાના બીજા દિવસે ભાજપની ઘણી ઓફિસમાં તોડફોડ કર્યાના અહેવાલ સામે આવ્યા છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ શારદા દેવીના ઘર પર પણ હુમલો કરાયો.

મણિપુરમાં એક મહિના કરતા વધુ સમયથી જાતીય હિંસા ચાલી રહી છે. મણિપુરમાં એક મહિના પહેલા મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે ભડકેલી હિંસામાં ૧૦૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ ગત મહિને મણિપુરનો પ્રવાસ કર્યો હતો અને રાજ્યમાં શાંતિ સ્થાપવાના પોતાના પ્રયાસો અંતર્ગત જુદા-જુદા વર્ગોના લોકો સાથે મુલાકાત કરી હતી. તેમ છતાં હિંસાની ઘટનાઓ ઓછી નથી થઈ અને વિપક્ષો તેને લઈને ભાજપ પર નિશાન સાધી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સ્થિતિનું આંકલન કરવા અને કેન્દ્રીય દળોના વધુ અસરકારક ઉપયોગ માટે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (CRPF)ના ડાયરેકટર એસ એસ થાઉસેનને મણિપુર મોકલ્યા છે. હાલમાં રાજ્ય પોલીસ ફોર્સ ઉપરાંત મણિપુરમાં લગભગ ૩૦,૦૦૦ કેન્દ્રીય સુરક્ષાકર્મી તૈનાત છે.

આ દળોમાં કેન્દ્રીય અર્ધસૈનિક દળોની લગભગ ૮ બટાલિયન, સેનાની ૮૦ ટુકડીઓ અને આસામ રાઈફલ્સની ૬૭ ટુકડીઓ સામેલ છે. આટલું બધું હોવા છતાં હિંસા પર નિયંત્રણ નથી મેળવી શકાયું.

મણિપુરમાં ભાજપની સરકાર છે. જે ઝડપે ભાજપના નેતાઓ સામે ગુસ્સો વધ્યો છે, તેની પાછળ મૈતેઈ સમુદાયના ગુસ્સાને કારણ જણાવાઈ રહ્યું છે. પ્રદેશમાં ૬૦માંથી ૪૦ ધારાસભ્યો મેઈતી સમુદાયના છે અને આ સમુદાયના લોકોનું કહેવું છે કે, આ ધારાસભ્યોએ પીએમ મોદી સુધી તેમની વાત યોગ્ય રીતે પહોંચાડી નથી. મણિપુરમા મૈતેઈ સમુદાય અને કુકી જનજાતિ વચ્ચે જે વિભાજન થયું છે, તેને ઓછું કરવાની જવાબદારી આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાને સોંપવામાં આવી છે. જોકે, આ નિર્ણયને લઈને પણ મૈતૈઈ સમુદાયની અંદર અસંતોષ હોવાનું જણાવાઈ રહ્યું છે.

આ સમુદાયના કેટલાક લોકોનું કહેવું છે કે, તે ઉત્તર પૂર્વ રાજ્યોના અવાજના પ્રતિનિધિ નથી. મણિપુર હાઈકોર્ટનો એક આદેશ હતો, જેમાં સરકારને નિર્દેશ અપાયો હતો કે ૧૦ વર્ષ જૂની ભલામણને લાગુ કરે, જેમાં મૈતૈઈ સમુદાયને જનજાતિમાં સામેલ કરવાની વાત કહેવાઈ હતી. તે પછી મણિપુરમાં ઘાટી વિસ્તારમાં રહેતા મૈતેઈ અને પહાડી વિસ્તારમાં રહેનારા કુકી સમુદાય વચ્ચે હિંસા ભડકી ઉઠી.

ગત વર્ષે મણિપુરમાં ભાજપે ભવ્ય જીત મેળવી હતી. મણિપુરમાં ૬૦ બેઠકોવાળી વિધાનસભામાં પૂર્ણ બહુમતી મેળવનારી કોંગ્રેસ પછી બીજી પાર્ટી ભાજપ બની. ભાજપની જીત ઘણા પ્રકારે ખાસ હતી. ભાજપની આ જીતની પાછળ ઘણા કારણ ગણાવાયા હતા.

રાજનીતિના જાણકારોનું કહેવું હતું કે, ભાજપ અહીં પોતાના કામ અંગે સમજાવવામાં સફળ રહ્યો. તે સાથે પહાડી અને ઘાટીની વચ્ચે જે ઘર્ષણ હતું, તેનો પણ ઘણી હદ સુધી ઉકેલ લાવી દેવાયો હતો. પરંતુ, હવે પાર્ટીની સામે રાજ્યમાં આ એક નવો પડકાર છે.

બીજી તરફ મણિપુર મામલાને લઈને વિપક્ષો પીએમ મોદી પર નિશાન સાધી રહ્યા છે. કોંગ્રેસે કહ્યું કે, પીએમ મોદી મણિપુર મામલે મૌન કેમ છે? આમ આદમી પાર્ટીએ મણિપુર હિંસાની વચ્ચે ભાજપની વિકાસ યાત્રાને લઈને તેમની ટીકા કરી છે. ટીએમસીના સાંસદ ડેરેક ઓ બ્રાયને મણિપુરમાં ચાલી રહેલી હિંસાની સ્થિતિના આંકલન માટે ગૃહ મામલા પર સંસદની સ્થાયી કમિટીની તત્કાળ બેઠક બોલવવાની માગ કરી છે. સાથે જ કહ્યું કે, વાસ્તવિક સ્થિતિને સમજવી અને તેની જાણકારી હોવી જરૂરી છે.

### નાગરિકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાશે

# અમરેલી જિલ્લાનાં ૯ શહેરો અને ૧૧ તાલુકાઓમાં યોગ દિવસની ઉજવણી થશે

### યોગ દિવસનાં કાર્યક્રમો માટે સ્થળો નક્કી કરાયા

અમરેલી, તા.૧૯

આ વર્ષે સમગ્ર દેશમાં જી-૨૦ ગ્લોબલ સમિટની થીમ 'એક વિશ્વ, એક સ્વાસ્થ્ય' આધારિત આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થશે. સમગ્ર રાજયમાં પણ હર્ષોલ્લાસ સાથે 'વસુધૈવ કુટુમ્બકમ, હર ઘરના આંગણે યોગ' ના નારા સાથે આંતરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૩ ઉજવાશે. અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષા ઉપરાંત ૦૯ શહેરમાં નગરપાલિકા કક્ષાએ અને તાલુકા કક્ષાએ ૧૧ સ્થળ ોએ આ કાર્યક્રમ યોજાશે. તમામ કાર્યક્રમની શરૂઆત સવારના ૫.૪૫ કલાકથી થશે. જિલ્લા કલેકટર દ્વારા આ કાર્યક્રમોમાં જિલ્લાના નાગરિકોને સ્વયંભૂ જોડાવા માટે અપીલ છે. નિરામય સ્વાસ્થ્ય અને વસુધૈવ કુટમ્બકમની ભાવના સાથે અમરેલી જિલ્લાના નાગરિકો પણ આ યોગ ઉત્સવમાં જોડાઈ અને પોતાની સાથે વિશ્વ કલ્યાણ માટે સહભાગી બને તેવો પ્રયાસ છે.

નગરપાલિકા કક્ષાના કાર્યક્રમના સ્થળોમાં અમરેલીમાં હિરક બાગ, ફાયરસ્ટેશન, અમરેલી ખાતે આંતરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે. શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ, બગસરા ખાતે, બાબરા સ્થિત શ્રી સ્વામી વિવેકાનંદ સ્કૂલ, લાઠી સ્થિત શ્રી કલાપી વિનય મંદિર, દામનગર સ્થિત એમ.સી. મહેતા હાઈસ્કુલ, રાજુલા સ્થિત શ્રી જે.એન. સંઘવી હાઈસ્કુલ, ચલાલાના મીઠાપુર સ્થિત શ્રી ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, સાવરકુંડલા સ્થિત ઓપન એર થિયેટર, જાફરાબાદના ઉના રોડ સ્થિત બગીચાની સામેની જગ્યા ખાતે આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થશે.

જિલ્લામાં ૧૧ તાલુકા કક્ષાએ યોજનાર કાર્યક્રમમાં અમરેલી તાલુકાનો કાર્યક્રમ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, તરવડા ખાતે યોજાશે. સાવરકુંડલા તાલુકાનો કાર્યક્રમ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, સાવરકુંડલા ખાતે યોજાશે. બગસરા તાલુકાનો કાર્યક્રમ શ્રી કે.લાલ હાઈસ્કુલ, માવજીંજવા ખાતે યોજાશે. બાબરા તાલુકાનો કાર્યક્રમ કમળશી ગર્લ્સ હાઈસ્કુલ, બાબરા ખાતે યોજાશે. લીલીયા તાલુકાનો કાર્યક્રમ, અમૃતબાઈ હાઈસ્કુલ, લીલીયા ખાતે યોજાશે. લાઠી તાલુકાનો કાર્યક્રમ, તાલુકા પ્રાથમિક શાળા નં.૦૧ તા. લાઠી ખાતે યોજાશે. રાજુલા તાલુકાનો કાર્યક્રમ, બાલ ક્રિષ્ના વિદ્યાપીઠ, રાજુલા ખાતે યોજાશે. ધારી તાલુકાનો કાર્યક્રમ, જી.એન. દામાણી હાઈસ્કલ, ધારી ખાતે યોજાશે. જાફરબાદ તાલુકાનો કાર્યક્રમ સરકારી માધ્યમિક શાળા, વઢેરા ખાતે યોજાશે. ખાંભા તાલુકાનો કાર્યક્રમ, જે.એન. મહેતા હાઈસ્કુલ, ખાંભા ખાતે યોજાશે. કુંકાવાવ-વડિયા તાલુકાનો કાર્યક્રમ, શ્રી સુરગવાળા સાર્વજનિક હાઈસ્કુલ વડિયા ખાતે યોજાશે.

### સરકારના નવા નિયમની એડમિશન પર અસર

# ધોરણ-૧માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો

### અગાઉ પહેલા ધોરણમાં ૧૦ લાખ વિદ્યાર્થીઓ એડમિશન લેતા હતા અને આ વર્ષે સંખ્યા માત્ર 3 લાખ જેટલી છે

અમદાવાદ, તા.૧૯

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા પહેલા ધોરણમાં પ્રવેશ મેળવવા માટેની ઉંમર ફરજિયાત છ વર્ષ કરી દેવામાં આવી છે અને તેની અસર આ વર્ષના એડમિશન પર જોવા મળી છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પહેલા ધોરણમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં જબરદસ્ત ઘટાડો થયો છે. દર વર્ષે ૧૦-૧૧ લાખની સામાન્ય સંખ્યાની સામે આ વર્ષે માત્ર ૩ લાખ વિદ્યાર્થીઓને જ પહેલા ધોરણ પ્રવેશ આપવામાં આવ્યો છે. એક્ટપર્ટે જણાવ્યું હતું કે, આ આગળ વધશે અને ૨૦૩૩માં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ તે જ પ્રમાણમાં ઘટાડો થશે. તેની અસર ધોરણ ૧૨ અને કોલેજના પ્રવેશ પર ચાલુ રહેશે.

રાજ્ય સરકારે ધોરણ ૧ના પ્રવેશ માટે વય અંગે નવા માપદંડો અમલમાં મૂક્યા છે, જેમાં બાળકોને અગાઉની જેમ પાંચ વર્ષની છગ્યાએ પહેલી જૂનના રોજ ઓછામાં ઓછું છ વર્ષ હોવું જોઈએ. જેઓ વય માપદંડને પૂરા કરતાં નથી તેવા બાળકોને પ્રવેશ આપવા માટે સરકારે બાલ-વાટિકાની સ્થાપના કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ જૂના નિયમ પ્રમાણે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવી શકે નહીં.

શિક્ષણ વિભાગના સેક્રેટરી વિનોદ રાવે જણાવ્યું હતું કે, 'સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને ખાનગી સ્કૂલોમાં, પહેલા ધોરણમાં નવા એડમિશનની સંખ્યા ૨.૭૫ લાખથી ૩ લાખની વચ્ચે છે. જ્યારે આશરે ૯ લાખ જેટલા વિદ્યાર્થીઓને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવ્યો છે'. રાવે ઉમેર્યું હતું કે, આ વર્ષે ધોરણ ૧માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાથી ટીચિંગ અને બિનટીચિંગ સ્ટાફના કર્મચારીઓની નોકરીઓ પ્રભાવિત ન થાય તેની ખાતરી કરવા માટેની સૂચના જિલ્લા-સ્તરના અધિકારીઓને આપી હતી.

અગાઉ, આ અઠવાડિયે ૧૬ જૂન સુધીમાં છ વર્ષના થતાં હોય તેવા બાળકોના એડમિશન માટે એક અસોસિએશને ૧૪ દિવસના ગ્રેસ-પીરિયડની માગણી કરી હતી. આ અસોસિએશને રાજ્ય સરકારે અગાઉ વય માપદંડમાં ફેરફાર કર્યો હતો તે નિર્ણયને ટાંક્યો હતો, જેમાં ૧૪ દિવસનો ગ્રેસ-પીરિયડ આપવામાં આવ્યો હતો જેથી જે બાળકોને વયના નવા માપદંડ માટે થોડા દિવસ બાકી રહી જતા હોય તેમને પ્રવેશ આપી શકાય. દશકાઓ પહેલા, જ્યારે પહેલી ઓગસ્ટના રોજ ધોરણ ૧ માટેની વય મર્યાદા ૫ વર્ષ સુધીની નક્કી કરવામાં આવી હતી, ત્યારે સરકારે ૧૪ સપ્ટેમ્બર સુધીમાં ૫ વર્ષના થતાં હોય તેવા બાળકોને પહેલા ધોરણમાં પ્રવેશ આપવાની મંજૂરી આપી હતી. આ જ રીતે, રાજ્ય સરકારે આ વખતે પણ ૧૪ દિવસના ગ્રેસ-પીરિયડને મંજૂરી આપવી જોઈએ તેમ અસોસિએશનનું કહેવું હતું. આ વન-ટાઈમ માપદંડ હોવો જોઈએ તેમ અસોસિએશને ઉમેર્યું હતું.

જિલ્લા શિક્ષણ અધિકારીઓએ ગત વર્ષે જ બધી સ્કૂલોને વયમર્યાદા અંગેના પરિપત્ર મોકલી આપ્યા હતા અને નિયમની અમલવારી ૨૦૨૩ના શૈક્ષણિક સત્રથી થશે તેમ કહ્યું હતું. જેમાં પહેલી જૂન સુધીમાં જે બાળકોની ઉંમર છ વર્ષ પૂરી થતી હોય તેમને જ એડમિશન આપવા માટે કહ્યું હતું. આ સિવાય એક દિવસ પણ ખૂટતો હોય તેવા બાળકોને પણ એડમિશન ન આપવામાં આવે તે વાતનું ખાસ ધ્યાન રાખવા કહ્યું હતું. અગાઉ સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે, ૨૦૨૦માં જ શિક્ષણ વિભાગે આદેશ આપીને વય મર્યાદા અંગે સ્કૂલોને જાણકારી આપી હતી. પરંતુ સ્કૂલો અને વાલીઓને તૈયારીનો સમય આપવા માટે એ વખતે અમલવારી કરવામાં નહોતી આવી.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં બાલપ્રતિભા શોધ-સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા. ૧૯

શિક્ષણમાં મૂલ્યોનો વિકાસ અને વિવિધ કલાઓમાં પ્રતિભા સંપન્ન બાળકોને પ્રોત્સાહિત કરવાનાં શુભ હેતુથી ગુણવત્તાયુકત શિક્ષણ માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં બાળ પ્રતિભા શોધ કાર્યક્રમનું આયોજન થયું હતું.

જેમાં પ્રાથમિક વિભાગમાં- કાવ્યો, દૂહા, લોકગીત અને વાર્તાઓની સ્પર્ધાનું આયોજન થયેલ હતું. અને દરેક ધોરણ દીઠ વિદ્યાર્થીઓએ કૃતિઓ રજૂ કરી હતી. પ્રાર્થના સભા પછીનાં સમયે બાળકોને ખુબ જ મજા પડી જાય તેવા બાળસભાનો કાર્યક્રમ પણ રાખેલ હતો. શાળાનાં સંચાલક દંપતિ દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ પ્રેરક હાજરી આપી બાળ કોને બિરદાવ્યા હતા.




સમગ્ર સ્ટાફનજી જહેમતને પરિણામે કાર્યક્રમ રસપ્રદ બની રહ્યો.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવશે

# ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતીમાં ભાગ લેશે, લોકાર્પણના પણ કાર્યક્રમ કરશે

### અમિત શાહ જગન્નાથજીના આશીર્વાદ લેવા આવશે, તેઓ વહેલી સવારે ૪ વાગ્યે મંગળા આરતીમાં હાજર રહેશે

અમદાવાદ, તા.૧૯

ઓડિશા બાદ ગુજરાતમાં અમદાવાદની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાય છે. ભગવાન જગન્નાથજીની ૧૪૬મી રથયાત્રાને હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે ભગવાન જગન્નાથજીની રથયાત્રાની તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તો અમદાવાદ શહેર પોલીસ દ્વારા પણ તમામ તૈયારીઓને પૂર્ણ કરી દેવામાં આવી છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રાના રૂટ પર લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ત્યારે ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાત આવી રહ્યા છે.૨૦ જૂને ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રા નીકળવા જઈ રહી છે. ત્યારે દર વખતની જેમ આ વર્ષે પણ અમિત શાહ જગન્નાથજીના આશીર્વાદ લેવા આવશે. તેઓ વહેલી સવારે ૪ વાગ્યે મંગળા આરતીમાં હાજર રહેશે. મોટાભાગે આવા પ્રસંગે તેઓ સપરિવાર જોવા મળે છે. ત્યારે અમિત શાહના આગમનને તમામ તૈયારીઓ અને બંદોબસ્ત કરી દેવામાં આવ્યો છે.

મંગળા આરતી બાદ તેઓ સવારે ૯.૧૫ વાગ્યે ન્યુ રાણીપમાં બગીચાનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત અમિત શાહ સવારે ૯.૩૦ વાગ્યે ચાંદલોડિયામાં રેલવે બ્રિજનું લોકાર્પણ કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સવારે ૯.૪૫ વાગ્યે બોડકદેવમાં ક્રેડાઈ ગાર્ડન પીપલ્સ પાર્કનું ઉદ્ઘાટન કરશે અને સવારે ૧૧.૩૦ વાગ્યે બાવળા ખાતે ત્રિમૂર્તિ હોસ્પિટલના ભૂમિપૂજન કાર્યક્રમમાં હાજરી આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ અગાઉ કેન્દ્રીય અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. અમિત શાહ દિલ્હીથી સીધા ભુજ પહોંચ્યા હતા. અહીં તેઓ બિપોરજોય વાવાઝોડાથી થયેલા નુકસાની અંગે સમીક્ષા કરી હતી. અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે હવાઈ નિરીક્ષણ કરીને સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

### ભારતે તાજેતરમાં ૪૧ આતંકીની યાદી જાહેર કરી હતી

# ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જર કેનેડામાં ઠાર મરાયો

### હરદીપ નિજ્જરને સરેના ગુરુદ્વારામાં ગોળી વાગી હતી તે શીખ સંગઠન શીખ ફોર જસ્ટિસ સાથે જોડાયેલો હતો

સરે, તા.૧૯

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરને કેનેડાના સરેમાં ઠાર કરવામાં આવ્યો છે. તેને ભારત સરકારે આતંકવાદી જાહેર કર્યો હતો. તાજેતરમાં જ ભારત સરકારે ૪૧ આતંકવાદીઓની યાદી જાહેર કરી હતી, જેમાં હરદીપ નિજ્જરનું નામ પણ સામેલ હતું.

મળતી માહિતી મુજબ, હરદીપ નિજ્જરને સરેના ગુરુદ્વારામાં ગોળી વાગી હતી, જે બાદ તેનું મોત થયું હતું. તે કેનેડિયન શીખ સંગઠન શીખ ફોર જસ્ટિસ સાથે જોડાયેલો હતો. વર્ષ ૨૦૨૨ની શરૂઆતમાં, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ભાગેડુ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર પર પંજાબના જલંધરમાં એક હિન્દુ પૂજારીની હત્યાનું કાવતરું ઘડવાના આરોપ લગાવ્યો હતો અને તેના પર ૧૦ લાખ રૂપિયાના ઈનામની પણ જાહેરાત કરી હતી. એનઆઈએના જણાવ્યા અનુસાર, પાદરીની હત્યાનું કાવતરું ખાલિસ્તાન ટાઈગર ફોર્સ દ્વારા ઘડવામાં આવ્યું હતું. કેનેડામાં રહેતા નિજ્જર કેટીએફનો પ્રમુખ હતો.અગાઉ ૧૯૮૫માં એર ઈન્ડિયા બોમ્બ બ્લાસ્ટમાં નિર્દોષ છૂટેલા રિપુદમન સિંહ મલિકની હત્યામાં નિજ્જરનું નામ સામે આવ્યું હતું. જોકે એનઆઈએને આ કેસમાં કોઈ સાબિતી મળી ન હતી.

### યુપીના બલિયામાં લૂથી નવ દિવસમાં ૧૦૩નાં મોત

# બલિયામાં મોટા પ્રમાણમાં લોકોના મૃત્યુના કારણ અંગે શંકા

### યુપીના બલિયામાં તહેનાત એક ચીફ મેડિકલ ઓફિસર રેન્કના ડોક્ટરને તેમના પદેથી હટાવી દેવામાં આવ્યા

બલિયા, તા.૧૯

ઉત્તરપ્રદેશના બલિયામાં ભીષણ ગરમી અને લૂના કેર વચ્ચે છેલ્લા ૯ દિવસોમાં ૧૦૩ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે. આ સાથે ૪૦૦થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ હોવાની પણ માહિતી મળી છે. જોકે અધિકારીઓએ આ મૃત્યુ થવા પાછળ અલગ અલગ કારણો જણાવ્યા હતા. જેના લીધે સવાલો ઊભા થવા લાગ્યા છે.

એક વરિષ્ઠ સરકારી ડૉક્ટર એ.કે.સિંહે કહ્યું કે પ્રથમ નજરે આ લોકોના મૃત્યુ હીટવેવ કે હીટસ્ટ્રોકને લીધે થયા તેવું નથી લાગતું કેમ કે સમાન પરિસ્થિતિનો સામનો કરનારા આજુબાજુના જિલ્લાઓમાં સમાન મૃત્યુના આંકડા જોવા મળી રહ્યા નથી. શરૂઆતના લક્ષણ મોટાભાગે છાતીમાં દુખાવાના હતા જે હીટવેવથી પ્રભાવિત કોઈપણ દર્દી માટે પ્રથમ લક્ષણ નથી.

તેમણે કહ્યું કે આ મૃત્યુ પાણીને કારણે પણ થયા હોઈ શકે છે. એ વાતની તપાસ કરાશે કે મૃત્યુનું કારણ પાણી છે કે કોઈ અન્ય. ક્લાઈમેટ વિભાગ પણ પાણીના નમૂનાની તપાસ કરવા આવશે. અગાઉ બલિયામાં તહેનાત એક ચીફ મેડિકલ ઓફિસર રેક્ના ડૉક્ટરને તેમના પદેથી હટાવી દેવાયા હતા. તેમણે ઓનરેકોર્ડ કહ્યું હતું કે અનેક મૃત્યુ હીટસ્ટ્રોકના લીધે થયા છે જે વાયરલ થયું હતું. યુપીના સ્વાસ્થ્યમંત્રી બૃજેશ પાઠકે કહ્યું કે યોગ્ય માહિતી વિના લૂથી થયેલા મૃત્યુ અંગે નિવેદન આપવા બદલ આ અધિકારીને હટાવાયા હતા. જોકે આ મૃત્યુ મામલે વિપક્ષે આક્રમક વલણ અપનાવ્યું છે.

સપા પ્રમુખ અખિલેશ યાદવે આ મૃત્યુ માટે રાજ્ય સરકારને જવાબદાર ઠેરવી છે. રાજ્ય સરકારની બેદરકારીને લીધે સમગ્ર યુપીમાં આટલા લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમણે લોકોને હીટવેવ વિશે ચેતવણી આપવાની જરૂર નથી.

છેલ્લા ૬ વર્ષોમાં યુપીમાં એક પણ જિલ્લા હોસ્પિટલ ઊભી નથી કરાઈ.

# અમરેલીમાં અત્યાધૂનિક શિક્ષણને વેગવંતુ બનાવવામાં શ્રીમતિ શાંતાબેન ગજેરા સ્કૂલ અગ્રેસર




ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ તથા શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક સ્કૂલનાં વિદ્યાર્થીઓ હાલ ડિજીટલ કલાસ દ્વારા શિક્ષણ મેળવી રહ્યાં છે. હાલમાં વિદ્યાસભા સ્કૂલમાં ૩૦ જેટલા ડિજીટલ કલાસરૂમ શરૂ છે. જેમાં અમરેલીમાં મેગાસીટી જેવું આધુનિક શિક્ષણથી બાળકો પોતાની કારકિર્દી ઘડી રહ્યાં છે. પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા શિક્ષણક્ષેત્રે હરણફાળ ભરવાનાં ઉદ્દેશ સાથે વધુને વધુ સ્માર્ટ કલાસ શરૂ કરવા જઈ રહ્યાં છે. નવા શૈક્ષણિક સત્રની શરૂઆતથી જ નવા ૫ સ્માર્ટ કલાસનું ઉદ્દ્ઘાટન પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં વરદ્ હસ્તે તા. ૧૯/૦૬/૨૦૨૩ને સોમવારનાં રોજ થયું. આ તકે મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી તથા પ્રિન્સીપાલ તથા સ્ટાફ અને વિદ્યાર્થીઓની હાજરીમાં નવો સ્માર્ટ કલાસ શરૂ થયો છે. ગામડાનાં સામાન્ય વિદ્યાર્થીનો આધુનિક શિક્ષણ મેળવી આધુનિક વિશ્વ સાથે કદમ મિલાવે તેવા શુભ હેતુથી શરૂ થયેલ સ્માર્ટ કલાસથી વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. સ્માર્ટ કલાસને વધુમાં વધુ વિદ્યાર્થી લાભ લઈ આગળ વધે તેવી શુભકામના પ્રમુખ દ્વારા વ્યકત કરવામાં આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા પંથકમાં અનેક પરિવારો સાથે

મેજીક બમ્પર ડ્રો નામથી ઈનામી સ્કિમ ચલાવી પત્રિકાઓ, બુકલેટો તેમજ અન્ય સાહિત્ય મારફત લોભામણી જાહેરાતો પ્રલોભનો આપી સુરભી ગૃપની અલગ અલગ યોજના એમરાલ્ડ યોજના, ટવેન્ટી ટવેન્ટી સ્ટાર યોજના, અર્જુન–૭ યોજના, રુબી યોજના નામે ઈનામી સ્કિમો ચલાવતા જેમાં ફરિયાદીએ અલગ અલગ ઈનામી સ્કિમમાં કુલ રૂા. ૮૩, ૧૫૦/– રોકે.લ તથા અન્ય વ્યકિતઓએ પણ ઈનામી ડ્રોની સ્કિમમાં નાણા રોકેલ હોય જેમાં આરોપીઓએ રેગ્યુલર ડ્રો નહી કરી બાદ ઓફિસ બંધ કરી જતાં રહેલ અને ફયિાદી તથા સાહેદોને ઈનામી સ્કિમમાં રોકાણ કરેલ રકમ સ્કિમ પૂર્ણ થયે નાણા પરત કરવા વિશ્વાસ આપેલ. પરંતુ નાણા પરત નહી કરી ઈનામી ચીટ કરી તેમજ છેતરપિંડી વિશ્વાસઘાત કરી તેમજ ફરિયાદીએ ઈનામી ડ્રોમાં રોકેલ નાણા બાબતે પૂંછતા આરોપીઓએ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુન્હાહિત કાવતરૂ રચી ગુન્હો આચરેલ હોય તથા આવી જ રીતે અન્ય ઈનામી સ્કિમો ચલાવી સામાન્ય જનતાને ભોળવી પ્રલોભનો આપી ઈનામી સ્કિમોની ટિકીટો વેંચી મોટા પ્રમાણમાં ઈનામી ચીટ કર્યાનું તપાસમાં જણાય આવે છે તેમજ અન્ય વ્યકિતઓના ઈનામી સ્કિમમાં ચિટીંગ થયેલ નાણા આશરે રૂા. ૨૨,૦૦૦,૦૦/–(બાવિસ લાખ) જેવી રકમનો આંકડો બહાર આવેલ છે. આ કામે હજુ બહોળી સંખ્યામાં વ્યકિતઓ સુરભી ગૃપની ઈનામી સ્કિમમાં જોડાયેલા હતા. જેથી ઈનામી ચિટનો આંકડો વધે તેવી શકયતા રહેલ હોય જેથી આરોપીને વધુ પોલીસ કસ્ટડીની જરૂરિયાત હોવાથી આ બાબતે આરોપીનાં રિમાન્ડ માટે તજવીજ કરેલ છે. અને હાલ તપાસ ચાલુ છે.

આ કામગીરી સાવરકુંડલા ટાઉન પોલી સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટર એસ.એમ. સોની તથા પો.સ.ઈ. પી.એમ. સિસોદીયા તથા એ.એસ.આઈ. હિંગળાજસિંહ પ્રદ્યુમનસિંહ, હેડ કોન્સ. ખોડુભાઈ બાબાભાઈ, પો.કોન્સ. જીતુભાઈ ગોબરભાઈ, પો.કોન્સ. ચિંતનકુમાર કનૈયાલાલ, પો.કોન્સ. ગૌરવભાઈ જીલુભાઈ, પો.કોન્સ. રમેશભાઈ બિજલભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

NAME CHANGE
PRAVINBHAI S/O
NARANBHAI PARMAR,
Resident of ambedkar nagar, chhatadiya road, at. rajula, dist - amreli (gujrat) - 365560
Have changed my name to
PREMJIBHAI NARANBHAI PARMAR
For all future purposes
NO-9429055590

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ૨ | ધાણા | ૭૫૦ | ૧૦૪૮ |
| ૩ | ચણા | ૭૦૦ | ૯૪૫ |
| ૪ | ઘઉં લોકવન | ૩૯૦ | ૪૫૪ |
| ૫ | મેથી | ૮૬૦ | ૯૦૫ |
| ૬ | શીંગ ફાડા | ૧૫૬૫ | ૧૬૫૨ |
| ૭ | મગ | ૧૫૪૧ | ૧૬૯૯ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૧૦૨૦ |
| ૯ | સફેદ તલ | ૨૪૪૫ | ૨૬૪૦ |
| ૧૦ | બાજરો | ૪૫૨ | ૪૫૨ |
| ૧૧ | સોયા | ૭૮૫ | ૯૪૦ |
| ૧૨ | મકાઈ | ૫૫૨ | ૫૫૨ |
| ૧૩ | મગફળી | ૧૦૪૯ | ૧૩૪૦ |
| ૧૪ | ચણા છોલે | ૧૬૪૧ | ૧૬૪૧ |
| ૧૫ | શીંગ દાણા | ૧૪૧૫ | ૧૮૧૦ |
| ૧૬ | તુવેર | ૧૪૦૦ | ૧૫૨૫ |
| ૧૭ | લસણ | ૭૦૦ | ૭૦૦ |
| ૧૮ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૧૯ | એરંડી | ૮૬૫ | ૧૦૫૧ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં લાઠી રોડ ઉપર

આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ગત તા. ૧૮/૬ નાં રોજ અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે હકિકત મળેલ કે અમરેલી–લાઠી રોડ, એસ.ટી. ડીવીઝન પાસેથી મુકેશભાઈ ઉર્ફે દડુ ઉર્ફે ભરત દિનેશભાઈ વાઘેલા, રહે.મહુવાવાળા ઈસમને સોનાના દાગીના તથા રોકડા રૂપિયા મળી કુલ કિ. રૂા. ૨,૧૩,૩૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછપરછ કરતા તેને અલગ અલગ જગ્યાથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલા, ખાંભા પંથકમાં ખેતીવાડીમાં

મુશ્કેલી થાય છે. આ ગામે ઉમીયા એજી ફીડરથી ખેતીવાડીનો પાવર મળે છે જે તા. ૧૧/૬/૨૩થી બંધ છે. અનેકવાર ખેડૂતો રૂબરૂ જઈ કહેવા છતાં વાવડી અને નેસડી ગામનાં સરપંચોએ લેખિત રજૂઆત કરવા છતાં આ લાઈન વરસાદ નથી કે પવન નથી છતાં આજદિન સુધી રીપેર થઈ ખેડૂતોને પાવર મળેલ નથી.

પીજીવીસીએલનાં અધિકારીઓ ગ્રાહકોને અનેક બાબતોમાં નિયમોની આડમાં કામ કરતા નથી. નિયમો સમજાવે છે તો આ ૧૦ દિવસે લાઈન ફોલ્ટ દૂર કરી પાવર સપ્લાય આપવાનો કોઈ નિયમ હશે કે કેમ ? જો હોય તો તેનો તેઓ અમલ કેમ કરતા નથી...? તેવો પ્રશ્ન ખેડૂતો કરી રહ્યા છે.

આ લાઈનનું મેન્ટેનન્સ કયારેય કર્યુ નથી, ઝાડવા અટકતા હોય તો તે કપાતા નથી, કાગળ ઉપર બતાવી દેવામાં આવે છે અને ખેડૂતોને અપાતો પાવરની લાઈન ફોલ્ટમાં જ રહે છે. જેથી ખેડૂતો હેરાન થાય છે. આ માટે કોઈ ધ્યાન આપતું નથી. જેથી ખેડૂત વર્ગ તરફથી આજે પીજીવીસીએલ અને સાંસદ, ધારાસભ્ય અને ઉર્જા મંત્રાલયને લેખિત જાણ કરી છે. સમય મર્યાદામાં લાઈન રીપેર થઈ પાવર નહી મળે તો ખેડૂતો પોતાના માલઢોર, બાળ–બચ્ચા સાથે રાજુલા પીજીવીસીએલની કચેરીએ આવશે અને આમરણાંત કરશે. તેવું ખેડૂત વર્ગ તરફથી એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## દાદેશ ચાંદુની અટકાયત

મદદગારી કરી ગુનો કરેલ હોય, જે અંગે દેવાયતભાઈએ આ દાદેશ ઉર્ફે દાદુ તથા અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપતા સાવરકુંકલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજી. થયેલ.

ઉપરોકત ગુનાઓનો આરોપી દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઈ ચાંદુ કાપોદ્રા પો.સ્ટે. સુરત શહેર પોલીસ સ્ટેશન પોકસો એકટ કલમ ૩(એ), ૪, ૫ એલ), ૬, ૧૭, ૧૯ મુજબ તથા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ગુજરાત આંતકવાદ અને સંગઠીત અપરાધ નિયંત્રણ (GCTOC) અધિનિયમ ૨૦૧૫ ની કલમ ૩(૧) ની પેટા (૧) તથા કલમ ૩(૧) ની પેટા (૨) તથા કલમ ૩(૨) તથા કલમ ૩(૩) તથા કલમ ૩(૪) તથા કલમ ૩(૫) મુજબના ગુનાઓમાં કાચા કામના કેદી તરીકે લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે હોય, મજકુર કેદીતા. ૧૨/૮/૨૦૧૨ થી તા. ૧૮/૮/૨૦૨૨ સુધી વચગાળાના જામીન મંજુર થયેલ, અને તા. ૧૯/૮/૨૦૨૨ ના રોજ હાજર થવાનું હોય, પરંતુ મજકુર કેદી જેલમાં હાજર થવાના બદલે ફરાર થઈ ગયેલ.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા માર્ગદર્શન આપેલ. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાઓમાં સંડોવાયેલ તેમજ વચગાળાની જામીન રજા પરથી લાજપોર મધ્યસ્થ જેલ, સુરત કાચા કામના છેલ્લા ૧૦ માસથી ફરાર કેદીને મેકલિ ઓફ ગંજ, ધર્મશાળા, હિમાચલ પ્રદેશથી ઝડપી લઈ આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૫ | ૧૩૫૧ |
| ૨ | ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| ૩ | ચણા | ૭૫૫ | ૯૩૦ |
| ૪ | તુવેર | ૧૬૦૦ | ૧૬૫૫ |
| ૫ | ધાણા | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ૬ | બાજરો | ૨૦૦ | ૪૧૫ |
| ૭ | સોયાબીન | ૯૦૦ | ૧૦૦૦ |
| ૮ | મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| ૯ | શીંગ દાણા | ૨૦૦૦ | ૨૩૨૫ |
| ૧૦ | એરંડા | ૧૦૮૧ | ૧૦૮૧ |

પાના ૧ ઉપરનું ચાલું

## ત્રિપુટીને દબોચી લેવાઈ

આ ઉપરાંત ગઈ તા. ૨૯/૫ નાં રોજ કલુભાઈ નનકાભાઈ ખાચર, રહે. ઈંગોરાળા–ડુંગરી, (તા. ધારી), ખેતી કામ તથા બીચારણની ખરીદી કરવા સારૂ ચલાલા એસ.બી.આઈ. બેન્કમાંથી નાણા ઉપાડી પ્લાસ્ટીકની થેલીમાં રાખેલ હતા અને બેન્કની પાસબુકમાં એન્ટ્રી કરતા હોય. તે દરમ્યાન આ પ્લાસ્ટીકની થેલીમાં રાખેલ રોકડા રૂપિયા પૈકી રૂા. ૫૦,૦૦૦/ – કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય. જે અંગે કનુભાઈએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આથી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ. અમરેલી નેત્રમ પ્રોજેકટ અંતર્ગત કમાન્ડ કંટ્રોલ સેન્ટરના સ્ટાફની મદદથી બનાવવાળી જગ્યાની આજુ બાજુના તમામ સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરવામાં આવેલ.

ગઈ કાલ તા. ૧૮/૬ નાં રોજ અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે અમરેલી, ગાંધીબાગ સામે, રવિવારી બજારમાંથી શંકાસ્પદ ત્રણ ઈસમો મુકેશભાઈ તુલસીરામ ગુમર (પારદી), રામપતી મુકેશભાઈ ગુગર (પારદી), કપીલ મહોબ્બતસિહ પવાર (પારદી), રહે. સાવરકુંડલા બાયપાસ ચોકડી પાસેને પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ રોકડા રૂપિયા મળી આવતા, પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતા તેઓએ ઉપરોકત ચોરીઓ સહિત કુલ ૧૬ ગુનાઓની કબુલાત આપતા, તેઓને ચોરીના રોકડા રૂા. ૧,૧૫,૦૦૦ના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

પકડાયેલ આરોપીઓએ ગુનાઓની આપેલ કબુલાતની વિગત મુજબ આજથી આશરે દસ–બાર દિવસ પહેલા અમરેલી, નાગનાથ ચોક પાસે આવેલ પોસ્ટ ઓફીસથી એક મોટી ઉંમરના ભાઈના પેન્ટના ખીસ્સામાંથી રોકડા રૂા. ૫૦,૦૦૦ની ચોરી કરેલ તેમજ આજથી આશરે પંદર–સત્તર દિવસ પહેલા ચલાલા, ભીમનાથ મંદિર સામે આવેલ સ્ટેટ બેન્કની બહાર એક મોટી ઉંમરના ભાઈ ઉભા હોય, તેની પાસે રહેલ પીળા કલરની થેલીમાંથી રોકડા રૂપિયા રૂા. ૫૦,૦૦૦ ની ચોરી કરેલ તથા ધારી શાકમાર્કેટ પાસેથી એક ભાઈ ખરીદી કરવા આવેલ તેના પેન્ટના ખીસ્સામાંથી રૂા. ૧૦,૦૦૦ ચોરી કરેલ. આજથી આશરે અઢારેક દિવસ પહેલા લાઠી દરવાજા પાસે આવેલ સ્ટેટ બેન્કની બહાર ઉભેલા એક ભાઈના પેન્ટના ખીસ્સામાંથી રૂા. ૧૦,૦૦૦ની ચોરી કરેલ. આજથી આશરે વીસ–બાવીસ દિવસ પહેલા સાવરકુંડલા, શનિવારી બજારમાં ગયેલ અને નાવલી નદીના પુલ ઉપર એક ભાઈ પાસે રહેલ કાપડની થેલીમાંથી રોકડા રૂા. ૨૫,૦૦૦ની ચોરી કરી કરેલ, આજથી આશરે ચારેક માસ પહેલા બોટાદ, મેઈન બજારમાંથી એક ભાઈ પાસે રહેલ પ્લાસ્ટીકની થેલીમાંથી રોકડા રૂા. ૫૦,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે સાડા ચારેક માસ પહેલા ભાવનગર, તળાવ પાસે આવેલ શાકમાર્કેટ પાસે આવેલ બેન્ક ઓફ ઈન્ડીયાની બહાર ઉભેલા એક ભાઈના પેન્ટના ખીસ્સામાંથી રોકડા રૂા. ૭૦,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે પાંચેક માસ પહેલા મહુવા બસ સ્ટેન્ડ પાસે આવેલ બેન્કમાંથી એક ભાઈએ થેલી સાયકલમાં ટીંગાડેલ હોય તે ભાઈની નજર ચુકવી થેલીમાંથી રોકડા રૂા. ૧,૫૦,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે છ માસ પહેલા રાજકોટ જિલ્લાના આટકોટ ગામે, બસ સ્ટેન્ડ પાસે આવેલ સ્ટેશનરીની દુકાનની બહાર એક ભાઈ ઉભા હોય, તેની નજક ચુકવી તેના ખીસ્સામાંથી રોકડા રૂા. ૧૫,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે સાડા છ માસ પહેલા બાબરા, બસ સ્ટેન્ડ પાસે ચાર રસ્તા નજીક આવેલ કરીયાણાની દુકાનમાં નજર ચુકવી દુકાનની અંદર ટેબલના ખાનામાં રહેલ રોકડા રૂા. ૧૫,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે સાડા છ માસ પહેલા જામનગર, મેઈન બજારમા, બ્રીજ નીચે આવેલ કપડાની દુકાનની બહાર એક ભાઈ ઉભા હોય, તેની નજક ચુકવી તેના ખીસ્સામાંથી રોકડા રૂા. ૨૦,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે સાતેક માસ પહેલા દેવભુમી દ્વારકાના જામખંભાળીયા, બસ સ્ટેન્ડ પાસે આવેલ બેન્કની બહાર ઉભેલા એક ભાઈના પેન્ટના ખીસ્સામાંથી રોકડા રૂા. ૧૦,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે સાડા સાતેક માસ પહેલા બોટાદ જિલ્લાના ઢસા ગામે, બસ સ્ટેન્ડ પાસે આવેલ પાનના ગલ્લાની બહાર એક ભાઈ ઉભા હોય, તે જયારે બસમાં ચડવા જતા ભીડનો લાભ લઈ, નજક ચુકવી શર્ટના ઉપરના ખીસ્સામાંથી રોકડા રૂા. ૨૦,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે આઠેક માસ પહેલા રાજકોટ, આજી ડેમ ચોકડીએ આવેલ બસ સ્ટેન્ડે એક ભાઈ ઉભા હોય, તે જયારે બસમાં ચડવા જતાં ભીડનો લાભ લઈ, નજર ચુકવી પેન્ટના પાછળના ખીસ્સામાંથી રોકડા રૂા. ૧૫,૦૦૦ની ચોરી કરેલ, આજથી આશરે નવ માસ પહેલા અમદાવાદ, ગીતા મંદિર સ્ટેન્ડ, પ્લેટફોર્મ પાસે એક ભાઈ ઉભા હોય, તે ભાઈ બસમાં ચડવા જતાં ભીડનો લાભ લઈ, નજર ચુકવી, તેના પેન્ટના ખીસ્સામાથી રોકડા રૂા. ૨૦,૦૦૦ની ચોરી કરી કરેલ તથા આજથી આશરે દસ માસ પહેલા વડોદરા, રેલવે સ્ટેશન પાસે બહારની બાજુ એક ભાઈ ઉભા હોય, તેની નજર ચુકવી તેના પેન્ટના ખીસ્સામાંથી રોકડા રૂા. ૧૦,૦૦૦ની ચોરી કરેલ હતી.

પકડાયેલ ઈસમો બેન્ક, પોસ્ટ ઓફીસમાં પૈસાની લેતી દેતી કરતા ગ્રાહકો તેમજ બસ સ્ટેન્ડ તેમજ ભીડભાડવાળી જગ્યાઓએ રાહદારીઓની નજર ચુકવી, હાથ ચાલાકીથી રોકડ રકમની ચોરી કરતા હોય, અમરેલી, ચલાલા, ધારી, લાઠી, સાવરકુંડલા, બાબરા તેમજ ભાવનગર, બોટાદ, રાજકોટ, જામનગર, દેવભુમી દ્વારકા, અમદાવાદ, વડોદરાથી ચોરીઓ કરેલની કબુલાત આપેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૯ | ૧૪૭૬ |
| ૨ | ચણા | ૮૮૫ | ૮૯૧ |
| ૩ | જુવાર | ૭૦૧ | ૯૨૫ |
| ૪ | તલ સફેદ | ૨૬૫૧ | ૨૬૭૨ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૩૧ |
| ૬ | મગફળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૭ | ઘઉં | ૩૫૦ | ૩૫૦ |
| ૮ | શીંગ દાણા | ૧૮૦૨ | ૧૮૦૨ |

# અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાની સેવાની મહેક કચ્છનાં છેવાડા સુધી પહોંચી



કચ્છના દરીયાઈ વિસ્તાર માંડવી પર બિપોરજોય વાવાઝોડાએ જયારે તબાહી મચાવી છે ત્યારે ' માનવ સેવા એજ પ્રભુ સેવા' ના સુત્રને સાર્થક કરીને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા આધુનિક લોહપુરૂષ સહકાર અને ગૃહમંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં તથા ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ સી.આર પાટીલ તથા કચ્છ સાંસદ પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા ભાજપાના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા તથા સેવાભાવી આગેવાનો સાથે કચ્છના અસરગ્રસ્ત વિસ્તારોમાં ફુડ પેકેટ, શુધ્ધ પાણી વગેરે જીવન જરૂરીયાત વસ્તુઓ અર્પણ કરવામાં આવી. ત્યારે માંડવી ભારતીય જનતા પાર્ટીના આગેવાનો તથા નગરપાલિકા સદસ્યઓ વોર્ડ નંબર ૪ના નગરસેવકો વિશાલ ઠક્કર, હનિફ જત, શહેર મહામંત્રી કિશનસિંહ જાડેજા, યુવા મહામંત્રી પુનિત રાજગોર, બક્ષીપંચ મહામંત્રી અમરશી કોલી, પ્રવિણભાઈ ગોર, રશ્મિકાંત પરમાર, શકિતસિંહ ઝાલા, ગુસાઈ વગેરે કાર્યકરો તથા સેવાભાવી આગેવાનો સાથે રહ્યા હતા અને સુરેશ પાનસુરીયાની સેવાને વંદન કરી આગેવાનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ પ્રણામ...
શ્રી વિપુલભાઈ વી. પીપળવા
મહામંત્રી : ઠાકોર સેના બાબરા તાલુકા
મુ. નવાગામ, તા. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
નાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ વંદન...
શ્રી મહેશભાઈ એસ. પંચાસરા
સમાજ અગ્રણી : બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ નાં પ્રાગટ્ય દિન નિમિત્તે સાદર પ્રણામ...
શ્રી મુકેશભાઈ પીપળવા
યુવા સમાજ અગ્રણી
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
નાં પ્રાગટ્ય દિન નિમિત્તે સાદર પ્રણામ...
શ્રી સુરેશભાઈ ડી. ધાખડા
પ્રમુખ : ચુવાળીયા ઠાકોર સમાજ - બાબરા
મુ. અમરાપરા, તા. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
નાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ વંદન...
શ્રી સુરેશભાઈ બી. મકવાણા
ઉપપ્રમુખ : ઠાકોર સેના બાબરા તાલુકા
મુ. ચમારડી, તા. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
નાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ પ્રણામ...
શ્રી સંજયભાઈ એ. રાઠોડ
સંગઠન મંત્રી : વેલનાથ પ્રગતિ મંડળ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ વંદન...
શ્રી ખોડલભાઈ મકવાણા
સદસ્યશ્રી : નગરપાલિકા - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
નાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ વંદન...
શ્રી મુકેશભાઈ કે. સોલંકી
કારોબારી સભ્ય : વેલનાથ પ્રગતિ મંડળ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે સાદર પ્રણામ...
શ્રી મનસુખભાઈ વી. વરસડા
સમાજ અગ્રણી : બાબરા.
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ પ્રણામ...
શ્રી વિનુભાઈ એસ. નગવાડીયા
સમાજ અગ્રણી : બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ નમન
શ્રી નરેશભાઈ જે. ચૌહાણ
કારોબારી સભ્ય : વેલનાથ પ્રગતિ મંડળ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ નમન...
શ્રી સતિષભાઈ સી. વાઘેલા
ઉપપ્રમુખ : વેલનાથ પ્રગતિ મંડળ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે સાદર પ્રણામ...
શ્રી લાલજીભાઈ વી. મકવાણા
પ્રમુખ : ઠાકોર સેના બાબરા તાલુકા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
નાં પ્રાગટ્ય દિન નિમિત્તે સાદર પ્રણામ...
શ્રી કિશોરભાઈ ડીડીયા
મહામંત્રી : ઠાકોર સેના બાબરા તાલુકા
મુ. કરિયાણા, તા. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે સાદર પ્રણામ...
શ્રી મુકેશભાઈ એલ. ડાભી
સમાજ અગ્રણી - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ પ્રણામ...
શ્રી કિશોરભાઈ બી. રાઠોડ
કારોબારી સભ્ય : વેલનાથ પ્રગતિ મંડળ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે સાદર પ્રણામ...
શ્રી પરશોત્તમભાઈ રાઠોડ
ઉપપ્રમુખ : ઠાકોર સેના બાબરા તાલુકા
મુ. કરિયાણા, તા. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ પ્રણામ...
શ્રી દિનેશભાઈ એસ. ડાભી
પ્રમુખ : વેલનાથ પ્રગતિ મંડળ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.


પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે સાદર પ્રણામ...
શ્રી દિલીપભાઈ વી. ચૌહાણ
ખજાનચી : વેલનાથ પ્રગતિ મંડળ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

પૂ.સંતશ્રી વેલનાથબાપુ
સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટ્ય દિન નિમિત્તે કોટિ કોટિ પ્રણામ...
શ્રી ભાવેશભાઈ એસ. જિંજવાડિયા
મહામંત્રી : વેલનાથ પ્રગતિ મંડળ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.

# અમરેલીનાં બાલભવનમાં લોકસાહિત્ય સેતુની નિયમિત બેઠક મળી





કલાકારોએ વર્ષાના વધામણા દુહા છંદથી જમાવી દીધા. પરમ પૂજય મોરારીબાપુના રૂડા આશીર્વાદથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુની ૧૨૦ મી નિયમિત બેઠક બાલભવનના વિશાળ પ્રાર્થના હોલમા યોજાયેલ. પ્રારંભમા લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ સર્વ આદરણીય સદસ્યઓ ભાઈઓ બહેનોનુ શાબ્દિક સ્વાગત કરી આજની બેઠકનો વિગતે પરિચય આપ્યો. આજની બેઠકમાં સર્વ ચંદ્રકાંતભાઈ બારોટ, ઉર્વશીબેન બારોટ, કુમારી રિયા વાઘેલા, રમેશભાઈ જાદવ, કેવિનભાઈ રોકડ, સુરેશભાઈ શેખા, હરગોવિંદભાઈ પંડયા જેવા કલાકારોએ પોતપોતાની આગવી શૈલીમાં લોકસાહિત્યમાં વર્ષાઋતુ વિષય પરત્વે દુહા છંદ લોકગીત ભવ્ય રીતે રજૂ કર્યા. તબલા ઉપર કનુભાઈએ ભારે સંગત આપી. ગુજરાતના સૌથી નાની ઉંમરના અધિકારી તરીકે ટ્રેજરી ઓફિસર જયેશભાઈ ખાચરનું ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું. વરસડા દરબાર દેવકુભાઈ વાળા અને અમરેલી નિવાસી એલ.ડી ચાવડા અને મંગળાબેન તરફથી સાફા બાંધી સન્માન કરવામાં આવ્યું.ડોકટર જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટના શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું. આજની બેઠકમાં સર્વ હસુભાઈ જોશી(ખજાનચી), ગોવિંદભાઈ ગોંડલીયા(ઉપપ્રમુખ), મહેન્દ્રભાઈ શુકલ, પંકજભાઈ જોશી, કવિ ધર્મેશભાઈ ઉનાગર, તિજોરી ઓફિસના ચોપડાભાઈ, મહિપતભાઈ ભટ્ટ, પ્રખર જયોતિષી રજનીભાઈ ભટ્ટ, નારણભાઈ ડોબરીયા(સંવેદન ગ્રુપના), વિપુલભાઈ ભટ્ટી, સોનલબેન ત્રિવેદી, બિંદુબેન ત્રિવેદી(જુનાગઢ), હંસાબેન પંડયા, ઈલાબેન બારોટ, રોહિતભાઈ વાઘેલા, વંદનાબેન વાઘેલા, બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના સેક્રેટરી જયદીપભાઈ નાકરાણી, કૃપાલીબેન નાકરાણી સમેત વિશાળ સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા અને મોજમાણી બાલ ભવનના ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, નારણભાઈ ડોબરીયા તેમજ મોટાભાઈ સંવટ કાર્યક્રમથી સંતોષ વ્યકત કરી અભિનંદન આપ્યા. કાર્યક્રમના અંતે મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમાં આભાર દર્શન કર્યુ.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.
અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા "આયુષ્યમાન કાર્ડ" અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે

ડૉ. પ્રદિપ ધડુક
M.S.જનરલ સર્જન
અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે

ડૉ. કાજલ બગડા
M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)
- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે

## જગતાત ગણાતા ખેડૂતોને નિયમિત વીજળી આપવામાં પીજીવીસીએલનાં ઠાગાઠૈયા

# રાજુલા, ખાંભા પંથકમાં ખેતીવાડીમાં અનિયમિત વીજળીથી રોષ

**ત્રણ વર્ષ પહેલા આવેલ વાવાઝોડા બાદ પીજીવીસીએલ દ્વારા થુંકનાં સાંધા મારીને વીજલાઈન શરૂ કરી હોય હવે સામાન્ય પવનમાં મુશ્કેલી**

**વાવણી કાર્ય પુરજોશમાં શરૂ થયું હોય તેવા જ સમયે પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો ખોરવાતા નારાજગી**

**ખેડૂતોએ સામૂહિકરૂપે નાયબ ઈજનેરને આવેદનપત્ર પાઠવીને સમસ્યા દૂર કરવા માંગ કરી**

**ખેડૂતોએ માંગ પૂર્ણ ન થાય તો બાળકો, માલઢોર સાથે પીજીવીસીએલ કચેરીમાં ઘુસી જવાની ચીમકી ઉચ્ચારી**

અમરેલી, તા. ૧૯

રાજુલા પીજીવીસીએલ સબડીવીઝન નીચે આવતા વાવડી, નેસડી નં. ૨, પાટી ગામોમાં ખેતીવાડીની લાઈટ આગરી ૬૬ કેવીમાંથી આવે છે. આ લાઈન તા. ૧૭/૫/૨૧નાં વાવાઝોડા પછી જુનુ મટીરીયલ્સ-વાયર, ઈગલ, ચકલા નાખી ચાલું કરેલ હતી. પોલ પુરી ઉંડાઈએ ઉભા કરેલ નથી તેથી થોડો પવન કે ખાલી વરસાદનાં છાંટા પડે ત્યાં આ ખેતીવાડી લાઈન ફોલ્ટમાં જતી રહે છે અને આ માટે રાજુલા સબ ડિવિજનનાં ગ્રામ્ય વિભાગનાં ફોલ્ટ સેન્ટરમાં કમ્પલો કરવા ગ્રાહકો ફોન કરે તો ફોન ઉપાડવામાં આવતા નથી અને ફોન કયારેક ઉપાડે તો ખેડૂત ગ્રાહકો સાથે ફોલ્ટ સેન્ટરનાં કર્મચારી ઉધ્ધત વર્તન કરી કમ્પલેન લખતા નથી. કલાકો, દિવસો સુધી લાઈન રીપેર થઈ પાવર સપ્લાય ખેડૂતોને મળતો નથી. ખેડૂતોનાં ખેતરે માલઢોર, ખેત મજૂરો રહેતા હોય પીવાના પાણીની પણ

અનુસંધાન પાના ૬ ઉપર

## સુરતની જેલમાંથી વચગાળાનાં જામીન પરથી ફરાર અને

# સા.કુંડલા તાલુકા પોલીસ સ્ટેશનનાં ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપી દાદેશ ચાંદુની અટકાયત

**હિમાચલપ્રદેશનાં ધર્મશાળા ખાતેથી ક્રાઈમ બ્રાન્ચે અટકાયત કરી**



અમરેલી, તા. ૧૯

અપહરણ તથા ગુજસીટોકના કેસમાં લાજપોર મધ્યસ્થ જેલ, સુરતમાંથી વચગાળાના જામીન પરથી છેલ્લા ૧૦ માસથી ફરાર કેદી તેમજ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને હિમાચલ પ્રદેશના ધર્મશાલાથી અમરેલી એલ.બી.સી.એ ઝડપી લીધેલ છે.

ગત તા.૩૧/૫ નાં રોજ મોહનભાઈ બાલાભાઈ પરડવા, રહે.દોલતીના મોબાઈલ ફોનમાં અજાણ્યા નંબરથી દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઈ ચાંદુ રહે.દોલતી વાળાએ ફોન કરેલ, અને પોતાની ઉપર દોલતી ગામના પાંચાભાઈ બચુભાઈ હડીયાએ કાપોદ્રા પોલીસ સ્ટેશન ખાતે અપહરણનો કેસ કરેલ હોય, જે કેસમાં સમાધાન કરવા મીડીયેટર તરીકે રહેવા કહેતા, મોહનભાઈએ મીડીયેટર તરીકે રહેવાની ના પાડતા, આ દાદેશ ઉર્ફે દાદુ ફોનમાં ગાળો આપી, મારી નાખવાની ધમકી આપેલ હોય, જે અંગે મોહનભાઈએ આ દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઈ ચાંદુ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. ઉપરોકત મોહનભાઈની ફરીયાદના આરોપી દાદેશ ઉર્ફે દાદુ નાથાભાઈ ચાંદુ વિરૂધ્ધ અગાઉ દાખલ થયેલ ગુજસીટોકના ગુનાઓમાં દેવાયતભાઈ વાઘાભાઈ બલદાણીયા, રહે.દોલતી, વાળા સાક્ષી તરીકે હોય, જે કેસમાં સમાધાન કરાવી લેવાના ઈરાદે આ દાદેશ ઉર્ફે દાદુએ ગુનાહીત ઈરાદો પાર પાડવા કાવતરૂ રચી, ગઈ તા. ૮ની રાત્રીના સહ આરોપીઓએ આ દેવાયતભાઈના રહેણાંક મકાનના દરવાજે તીક્ષ્ણ હથિયાર વડે ઘા મારી, દરવાજે આગ ચાંપી, સી.સી.ટી.વી. કેમરા તોડી નુકસાન કરી, એક બીજાને

અનુસંધાન પાના ૬ ઉપર

## સુરભી ગૃપ મેજીક બમ્પર ડ્રો યોજનાથી અનેકને શીશામાં ઉતાર્યા

# સાવરકુંડલા પંથકમાં અનેક પરિવારો સાથે વિવિધ યોજનાઓનાં નામે લાખો રૂપિયાની છેતરપીંડી કરનાર ૨ ઈસમોની અટકાયત

**આરોપી હિરેનભાઈ વનરા રે. અમદાવાદ અને પ્રશાંતભાઈ વનરા રે. સાવરકુંડલા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૧૯

સાવરકુંડલામાં વિવિધ લોભામણી યોજનાઓ ધ્વારા અનેક વ્યકિતઓ સાથે લાખો રૂપિયાની છેતરપીંડી કરનાર હિરેનભાઈ નરેશભાઈ વનરા રે. અમદાવાદ અને પ્રશાંતભાઈ નરેશભાઈ વનરા રે. સાવરકુંડલાની સ્થાનિક પોલીસે અટકાયત કરેલ છે.


વિગત એવા પ્રકારની છે કે આ કામના આરોપીઓ સુરભી ગૃપ

અનુસંધાન પાના ૬ ઉપર

## પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડે સીએમને પત્ર પાઠવ્યો

# લીલીયા : વ્યાજબીભાવની દુકાનધારકનાં કોરોનાં મૃતક કેસમાં વારસદારને સહાય કરવા રજૂઆત

**ત્રણ વર્ષથી જરૂરી દસ્તાવેજ રજૂ પણ કરી દેવાયાનું જણાવાયું**





અમરેલી, તા. ૧૯

પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંધાડે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, લીલીયા વેલાણી હિતેશભાઈ હરખજીભાઈ દ્વારા કરવામાં આવેલ રજૂઆતનાં અનુસંધાને જણાવવાનું કે તેમના પિતા વેલાણી હરખજીભાઈ અમુલખભાઈ પંડિત દિનદયાળ ગ્રા. ભંડાર દુકાનનાં સંચાલક હતા, અને તેનું કોરોનાની બિમારીથી ૧૧/૪/૨૦૨૧ નાં રોજ અવસાન પામેલ છે. સરકારનાં ઠરાવ મુજબ વ્યાજબી ભાવનાં દુકાનદાર કોરોના સંક્રમણનાં લીધે અવસાન પામેલ. કોરોના વોરિયર્સને સહાય મળવાપાત્ર હોય તે માટે તેનાં પુત્રએ તમામ આધાર-પુરાવા સાથે અરજી કરેલી છે. અને સંબંધિત વિભાગ દ્વારા અવારનવાર પૂર્તતા માટે જણાવેલ તે તમામ પૂર્તતા અરજદારે સમયમર્યાદામાં જે તે સંબંધિત વિભાગમાં રજૂ પણ કરી આપેલ છે. અરદારનાં પિતાનાં અવસાન થયાને આજે ઘણો લાંબો સમય થવા છતાં કોઈ સહાય મળેલ નથી. અને અરજદાર પાસે કોઈ આજીવિકાનું સાધન ન હોય અને શારીરિક અને માનસિક રીતે અસ્વસ્થ હોય તો નિયમોનુસાર વહેલી તકે સહાય આપવા માંગ અંતમાં કરેલ છે.

## જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતનો આક્ષેપ

# હદ થઈ : GEM પોર્ટલનાં માધ્યમથી સરકારી વિભાગોમાં થતી ખરીદીનાં ભાવોમાં ૨ થી ૩ ગણો ફરક

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવીને ઓનલાઈન અને ઓફલાઈન ખરીદી કરવા માંગ કરી**



અમરેલી, તા. ૧૯

એક તરફ રાજયની જનતા પેટે પાટા બાંધીને દૂધ, દહીં, અનાજ, બિસ્કીટ સહિતની ખરીદીમાં પણ સરકારને ટેક્ષ ચુકવી રહી છે અને તે નાણાનો યોગ્ય ઉપયોગ થાય તે જોવાની જવાબદારી સરકારની હોય અને સરકાર જે કંપનીને ખરીદીનો કોન્ટ્રાકટ આપે અને તે જ કંપની ઉઘાડી લૂંટ ચલાવે તો ફરિયાદ કોને કરવી તેવો વેધક પ્રશ્ન ઉભો થયો છે.

દરમિયાનમાં જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયમાં સરકાર ધ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની અમુક ચીજ-વસ્તુઓની ફરજીયાત જીઈએમ પોર્ટલ ધ્વારા ખરીદી કરવાની વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે પરંતુ જીઈએમ પોર્ટલ ઓનલાઈન ધ્વારા ખરીદી થતી ચીજ વસ્તુઓ અને માર્કેટમાં મળતી વસ્તુઓના ભાવમાં ૨૦૦% થી ૩૦૦%નો ફરક હોય છે. જેનાથી નાની-નાની ગ્રામ પંચાયતોનાં સરપંચ તથા દરેક વિભાગનાં કર્મચારીઓ પર ભ્રષ્ટાચારનું કલંક લાગે છે અને સરકાર જે કામો માટે ગ્રાન્ટ ફાળવે છે તે કામો પૂર્ણ થતાં નથી. જેથી જીઈએમ પોર્ટલની ઓનલાઈન ખરીદી સાથે ઓફલાઈન ભાવો પણ મંગાવવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને બંનેમાંથી જે ભાવ ઓછા હોય તે ખરીદવાની પ્રક્રિયા કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચોરીનો ભેદ ખોલાયો

# અમરેલીનાં લાઠી રોડ ઉપર રહેણાંક મકાનમાં ચોરી કરનાર શખ્સ ઝડપાયો

**પોલીસે રૂપિયા ૨.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૧૯

અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા અજાણ્યા

અનુસંધાન પાના ૬ ઉપર

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
મોઢામાંથી નીકળી ગયેલો શબ્દ અને હાથમાંથી સરી ગયેલો સમય ક્યારે પાછો આવતો નથી.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨




મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)